

بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**




**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# جعفری آواز
# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-10, Issue-7, June-2023**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૪૯૮



સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા
તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨
સહતંત્રી : ઈમ્તિયાઝઅલી વિજાપુરા
ફૈઝમોહંમદ મસી
સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)
લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯



કાર્યાલયનું સરનામું

**'જાફરી આવાઝ' (માસિક)**
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

**Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com**



Title Calligraphy: www.asr-entezar.ir


## લેખાનુક્રમ


- **તંત્રી લેખ**

ઊઘડતે પાને.................................... 3

- **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ............................... 7

ગુરરુલ હિકમ ................................ 9

નહ્જુલ અસરાર ..............................11

- **તરીકત**

મશાયખવાણી................................15

- **અદબિયાત**

મીર અનીસના મરસિયા .....................19

- **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)......... 22

અલ ઈર્શાદ.................................. 25

- **દુઆ અને મુનાજાત**

ઈબાદાત......................................31

- **અખ્લાક**

જ્ઞાનગોષ્ઠિ .................................... 35

ઈલ્મ પ્રાપ્ત કરવા વિષે ...................... 39

- **અન્ય**

હઝરત મૂસા (અ.) અને તૂર પર્વતનો કિસ્સો..41

ઈસ્લામ વિષેની સમજણ ................... 43

નન્હે રોઝેદાર................................47

વ્યકિત વિશેષ – હઝરત મુસ્અબ ખૈર (રઝી.)...53

આપણા ઘરની વાતો ........................ 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 56

તંત્રી લેખ

# ઊઘડતે પાને

સબ્ર

સહનશીલતા

સબ્ર એવા પસંદીદા અખ્લાકમાંથી છે કે જેના માટે અલ્લાહ તઆલાએ મોમિનોને પોતાની કલામે પાકમાં ઘણી તાકીદની સાથે હિદાયત કરી છે, જે બંદાઓ તેને અપનાવે તેનાથી તે રાજી થાય છે, અને તે મોમિન બંદાના દરજ્જામાં વધારો થવા માટે કારણભૂત બને છે. જેમ કે, ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું છે કે, "સબ્ર વડે ઉચ્ચ દરજ્જાઓ હાસિલ કરો." (મીઝાનુલ હિકમા, જિલ્દ–૨, સફહા–૩૬૫)

સબ્ર કરવા વિષે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ ફરમાવે છે:

وَاَطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ وَلَا تَنَازَعُوْا فَتَفْشَلُوْا وَتَذْهَبَ
رِيْحُكُمْ وَاصْبِرُوْا ۭ اِنَّ اللّٰهَ مَعَ الصّٰبِرِيْنَ ۝

*(અલ્લાહ અને તેના રસૂલની ઈતાઅત કરો, અને આપસમાં ઝઘડો નહીં, નહીંતર તમે હિંમત હારી જશો અને તમારો ઉત્સાહ ચાલ્યો જશે, અને તમે સબ્ર કરો. બેશક, અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે છે.)*

(સૂરા અન્ફાલ, આયત–૪૬)

મોમિન માટે સાબિર હોવું કેટલું જરૂરી છે તે સમજવા માટે આ બે અહાદીસ કાફી છે:

રસૂલલ્લાહ (સ.)ને પૂછવામાં આવ્યું કે, "ઈમાન શું છે?" તો આપ (સ.)એ ફરમાવ્યું, "સબ્ર."

(મીઝાનુલ હિકમા, જિલ્દ–૨, સફહા–૩૬૫)

અને ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "મોમિન સ્વાભાવિક રીતે મુસીબતો પર સબ્ર કરનાર હોય છે."

(મીઝાનુલ હિકમા, જિલ્દ–૨, સફહા–૩૬૫)

ઉપરની અહાદીસથી આપણને સમજાયું કે મોમિન માટે સબ્ર કરવી કેટલી જરૂરી છે. કુરઆને મજીદમાં પણ અલ્લાહ આપણને ઘણી જગ્યાએ સબ્ર કરવાનું ફરમાન કરે છે અને અઈમ્મા (અ.)એ પણ પોતે સાબિર બનીને આપણને સબ્ર કરવાની હિદાયત કરી છે.

મોમિનના સબ્ર કરવાથી ખુદ સબ્ર કેવી રીતે સફળ થાય છે, તે વિષે ઈમામ અલી (અ.)ની હદીસ જોઈ લઈએ:

ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.) એ ફરમાવ્યું છે કે, "કેટલાય મોમિનો એવા છે કે જેમના વડે સબર (ધારેલી વસ્તુ ન મળે તોય ખુશ રહેવું) અને હુસ્ને ઝન (દુ:ખી થવાનો અથવા ગુસ્સે થવાનો મોકો હોય તોય સકારાત્મક વિચારો કેળવવા) સફળ થાય છે!"

(ગુરરુલ હિકમ, સફહા–૯૫, હદીસ–૫૩૨૭)

આ હદીસની સમજૂતી અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)એ આ રીતે આપી હતી: (જેનો અર્થ એ કે આવા મોમિનો ન કેવળ સબર અને હુસ્ને ઝન વડે પોતે સફળ થાય છે, બલ્કે સબર અને હુસ્ને ઝન કરવાની રીત આખી

દુનિયાને શીખવાડી દે છે, જેના કારણે બીજા લોકોને પણ સફળતા પામતા આવડી જાય છે.)

અલ્લાહે મોમિન માટે સબ્ર પછી સુકૂનનો ઈન્તેઝામ કર્યો છે. જેમ કે, ઈમામ અલી (અ.)એ ફરમાવ્યું, "અલ્લાહ મોમિન બંદાના માથેથી જરાય પણ દુનિયાની બલા અને આખેરતનો અઝાબ ટાળે છે, તો તે અલ્લાહના ફેસલા પર મોમિનના રાજી રહેવાના કારણે જ, અને અલ્લાહની આઝમાઈશ ઉપર મોમિનની યોગ્ય સબ્રના કારણે જ, હોય છે."

(ઉયૂનુલ હિકમ વલ મવાએઝ, સફહા–૨૭૪, હદીસ–૮૯૧૬)

આ વિષે ઈમામ જાફર સાદિક (અ.)નો દિલમાં ઉતારવાલાયક એક કિસ્સો પણ જોતા જોઈએ:

એક ગરીબ સ્ત્રીનો એકનો એક દીકરો કોઈ મુસાફરીએ ગયો હતો, જે લાંબો સમય વીત્યા પછી પણ ઘેર પાછો ફર્યો ન હતો. ખૂબ જ ચિંતિત થઈને, તે સ્ત્રી હઝરત ઈમામ જાફર સાદિક (અ.) પાસે હાજર થઈ અને ફરિયાદ કરી કે, "મારો દીકરો પ્રવાસ પર ગયો છે, અને ઘણો લાંબો સમય પસાર થયો છતાં તે હજુ સુધી પાછો આવ્યો નથી, તેથી હું ખૂબ જ વ્યથિત છું."

ઈમામ (અ.)એ ફરમાવ્યું, "સબ્ર કરો અને હિંમત રાખો."

તે સ્ત્રી ચાલી ગઈ, પરંતુ થોડા દિવસો સુધી રાહ જોયા પછી પણ તેના દીકરાના કોઈ એંધાણ ન દેખાતાં તેની સબ્રતા ખૂટી ગઈ અને તે ફરીથી ઈમામ (અ.)ના દરબારમાં હાજર થઈ અને પૂછ્યું, "મારો ફરઝંદ હજુ પણ પરત આવ્યો નથી. મારે શું કરવું જોઈએ?"

ઈમામ (અ.)એ તેણીને કહ્યું, "પણ મેં તમને સબ્ર કરવાનું અને હિંમત રાખવાનું નહોતું કહ્યું?" તે સ્ત્રીએ કહ્યું, "અલ્લાહની કસમ! મેં મારી સબ્રની હદ વટાવી દીધી છે અને હવે મારામાં સબ્ર કરવાની અને આ જુદાઈ વેઠવાની તાકાત નથી."

આ સાંભળીને ઈમામ (અ.)એ ફરમાવ્યું, "તમારા ઘેર પાછાં ફરો, કેમ કે તમારો દીકરો ઘેર પાછો આવી ગયો છે."

આ સાંભળીને તેણી તરત જ તેના ઘેર પાછી ફરી. તેને ઘેર પાછો આવેલો જોઈને તે ખુશખુશાલ થઈ અને મનમાં વિચારવા લાગી, "ઈમામ (અ.)ને કેવી રીતે ખબર પડી હશે કે મારો દીકરો ઘેર પાછો આવી ગયો છે? શું તેમના પર કોઈ વહી નાઝિલ થઈ હશે? ચાલો હું ઈમામ (અ.) પાસે જઈને આ વિષે પૂછી લઉં."

ઈમામ (અ.)ની પાસે આવીને તેણીએ પૂછ્યું, "યા ઈમામ! જેમ તમે ફરમાવ્યું હતું તેમ મારો દીકરો મુસાફરીથી પાછો આવી ગયો છે. પણ હું એ જાણવા માગું છું કે શું આપ પર આ બાબતે કોઈ વહી નાઝિલ થઈ હતી કે જેથી તમને આ વિષે જાણ થઈ ગઈ?"

ઈમામ (અ.)એ ફરમાવ્યું, "મેં રસૂલલ્લાહ (સ.)ની એક રિવાયત પરથી આ તારણ કાઢ્યું હતું, જેમ કે, આપ (સ.)એ ફરમાવ્યું છે:

عِنْدَ فَنَاءِ الصَّبْرِ يَأْتِي الْفَرَجُ

(જ્યારે માણસની સબ્રની પરાકાષ્ઠા આવી જાય, ત્યારે તેના પર સરળતા અને રાહત આવે છે.)

તો જ્યારે મેં જોયું કે તમારી સબ્ર ખૂટી ગઈ છે, ત્યારે હું સમજી ગયો કે હવે રાહત આવવાની

છે અને તેથી તમને જાણ કરી કે તમારો પુત્ર આવી ગયો છે."

(હિકાયત-હા-એ-શનીદની, જિલ્દ–૫, સફહા–૧૪૭)

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "સબ્રના ત્રણ ભાગ છે:

1. મુશ્કેલીમાં સબ્ર, એટલે કે જ્યારે તમારા માટે કાંઈક ખોટું થઈ જાય.

2. ઈતાઅતમાં સબ્ર, એટલે કે બધી વાજિબાતને સાચી રીતે અદા કરવી.

3. મા'સિયતમાં સબ્ર, એટલે કે અલ્લાહની નાફરમાનીમાં સબ્ર, હરામ કાર્યો ન કરવાં."

સબ્રનું સૌથી સારું ઉદાહરણ હઝરત અય્યૂબ (અ.)નું છે. અલ્લાહે તેમને ઘણી બધી નેઅમતો આપેલી હતી. (સ્વાસ્થ્ય, ઓલાદ, દોલત, જમીન અને ઘેટાં.) પછી શયતાને અલ્લાહ પાસે માંગણી કરી કે મને અય્યૂબ (અ.)ના મામલા ઉપર વર્ચસ્વ આપ. શયતાને કહ્યું કે, "આટલી બધી નેઅમતોની સાથે તો અય્યૂબ શુક્ર અદા કરતા જ રહેશે, પરંતુ જો આ બધી નેઅમતો છીનવાઈ જશે તો અય્યૂબ તારાથી મોઢું ફેરવી લેશે."

તે પછી શયતાને હઝરત અય્યૂબ (અ.)નાં બધાં જાનવરોને અને મિલ્કતને બરબાદ કરી નાખી. તેનાથી આગળ શયતાને તેમની ઓલાદને મારી નાખી. તે પછી તેણે હઝરત અય્યૂબ (અ.)ને એક ભયાનક બીમારીમાં સપડાવી દીધા અને લોકોએ તેમને પોતાનું શહેર છોડી દેવાની ફરજ પાડી.

આટલી બધી મુશ્કેલીઓમાં પણ હઝરત અય્યૂબ (અ.)ના ઈમાન ઉપર કોઈ આંચ ન આવી. હઝરત અય્યૂબ (અ.) અલ્લાહની ઈબાદત કરતા રહ્યા, અને તેનો શુક્ર અદા કરતા રહ્યા. એટલે કે મુશ્કેલીઓમાં હઝરત અય્યૂબ (અ.)એ સબ્ર તો કરી જ, પરંતુ શુક્રને પણ છોડ્યો નહીં.

રસૂલલ્લાહ (સ.) ફરમાવે છે કે, "ઈમાન બે ભાગમાં વહેંચાયેલું છે, પહેલો ભાગ સબ્ર છે, અને બીજો ભાગ શુક્ર છે."

ઉપરની હદીસ આપણને બતાવે છે કે અલ્લાહમાં સાચું ઈમાન ધરાવવા માટે આપણે ફક્ત સબ્ર કરવી જ જરૂરી નથી, પરંતુ શુક્ર અદા કરવો પણ જરૂરી છે. માટે હવે પછી તમને એમ લાગે કે તમારી સાથે કાંઈ ખોટું થઈ રહ્યું છે તો ફક્ત એટલું જ નહીં કે સબ્ર કરતા રહો, પરંતુ અલ્લાહનો શુક્ર પણ અદા કરો, કારણ કે અલ્લાહ સૌથી વધારે જાણનાર છે. (દીનિયાત, અખ્લાક – ૧૦ વર્ષ)


અબ્બાસઅલી
૮૮૯૦૭ ૩૩૦૦૭

ઝહિરઅલી
૯૯૭૪૨ ૯૧૦૩૬

લકઝરી
રેફ્રીજરેશન & સ્પેર પાર્ટસ

અમારે ત્યાં : એ.સી., ફ્રીઝ, વોશીંગ મશીન, ડીફ્રીઝ, વોટર કુલર, ઘરઘંટી અને માઈક્રોવેવ ના દરેક કંપનીના સ્પેર પાર્ટસ મળશે.

વોશીગ મશીનનાં સ્ટેન્ડ અને કવર મળશે.





દરેક પ્રકારના કોમ્પરેસર મળશે.

શોપ નં. ૧૧-૧૨-૧૩, શ્રી રામ નીવાસ,
સીવીલ હોસ્પીટલ ના પાછળ, ફ્રુટ માર્કેટ, નગર પાલીકા રોડ,
પાલનપુર, જિ. બનાસકાંઠા, ગુજરાત – ૩૮૫૦૦૧

# ગડમથલ

**૩૬૧** સંપાદન: જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) વિપુલતા, મેદની, ભીડ, વ્યાયામ (૪)
(૪) અવિવેકી, અવિનયી, અસભ્ય (૫)
(૮) સહાય, સહારો, વિશ્વાસ, શકિત (૩)
(૧૦) ઊંટડી, માદા ઊંટ (૨)
(૧૧) 'બાતિલ'નો વિરોધી શબ્દ (૨)
(૧૩) રહમ કરનાર, અલ્લાહનું એક નામ (૩)
(૧૬) સ્વભાવ, ખાસિયત, મિજાજ (૪)
(૧૮) યુદ્ધમાં લૂંટેલો માલ અથવા ધન (૪)
(૨૦) મરજી, ઈચ્છા, ખુશી (૨)
(૨૧) ખૂબ જ વધારે ચમકદાર, સુંદર (૪)
(૨૪) નીચાણ, નીચાણવાળી જગ્યા (૩)
(૨૬) દરવાજો, દ્વાર, બારણું (૨)
(૨૭) દોસ્ત, મિત્ર, સહાયક (૨)
(૨૮) સીમા, હદ, કિનારો, કાંઠો (૪)
(૨૯) આદમ (અ.) પહેલાં દુનિયામાં વસેલી મખ્લૂક (૪)
(૩૧) બરબાદ, નાશ પામેલ (૩)
(૩૨) આકાશવાણી, ઈલાહીવાણી (૨)
(૩૩) આધાર, નિર્ભરતા, દાયરો (૩)
(૩૪) પત્ર, લીટી, લસરકો (૨)
(૩૫) ધીરજ, ધૈર્ય, સહનશીલતા (૨)

## ઊભી ચાવીઓ

(૧) ઘૃણા, નફરત, ધિક્કાર, અરુચિ (૪)
(૨) પ્રવાહી, દ્રાવણ, ફળ–ફૂલનો કસ, અર્ક (૨)
(૩) પાકીઝગી, પવિત્રતા, શુદ્ધતા (૪)
(૫) ઔષધ, ઓસડ, ઉપચાર (૨)
(૬) શરાબનો કળશો, સુરાહી (૨)
(૭) ઈસ્લામી ઈન્કમટેક્ષ (૩)
(૯) રસ્તા પર ચાલનાર વ્યકિત (૨)
(૧૨) મોટું, મહાન, શ્રેષ્ઠ (૩)
(૧૪) મસ્ત, તલ્લીન (૩)
(૧૫) મરે નહીં તેવું, અમર્ત્ય (૩)
(૧૭) નમાઝ માટેનું જાહેર આમંત્રણ (૩)
(૧૯) પાયો, બુનિયાદ (૨)
(૨૧) નિત્યનું, હંમેશનું, શાશ્વત (૩)
(૨૨) દર્દથી ભરેલું, દુઃખપૂર્ણ (૪)
(૨૩) ઉઠાંતરી, ઉચાપત, તફડંચી (૪)
(૨૫) ઘોડાની સવારીમાં નિષ્ણાત (૫)
(૨૬) મોં, મોઢું, ચહેરો, છિદ્ર (૩)
(૨૮) દાનધર્મ, ખેરાત, ડોનેશન (૪)
(૩૦) નાવિક, નાવચાલક, હોડી હાંકનાર (૩)



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## નબીઓ અને ઈમામો વિષેની આયતો

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

قَالَا رَبَّنَآ اِنَّنَا نَخَافُ اَنۡ يَّفۡرُطَ عَلَيۡنَاۤ اَوۡ اَنۡ يَّطۡغٰى ٤٥

❂ (તેઓ બન્નેએ) અરજ કરી કે, "અય અમારા પરવરદિગાર! અમને આ વાતનો પૂરતો ભય છે કે તે અમારા ઉપર સખ્તાઈ કરે અથવા (વધુ) ઉદ્ધત બની જાય." **(સૂરા તા હા, આયત–૪૫)**

---

قَالَ لَا تَخَافَاۤ اِنَّنِىۡ مَعَكُمَاۤ اَسۡمَعُ وَاَرٰى ٤٦

❂ (અલ્લાહે) ફરમાવ્યું, "તમે મુદ્લ બીઓ મા. નિ:સંશય હું તમારી સાથે જ છું (અને તમારા પર જે વીતશે તે) ખરે જ હું સાંભળું તથા જોઉં છું." **(સૂરા તા હા, આયત–૪૬)**

---

قَالَ بَلۡ اَلۡقُوۡا ۚ فَاِذَا حِبَالُهُمۡ وَعِصِيُّهُمۡ يُخَيَّلُ اِلَيۡهِ مِنۡ سِحۡرِهِمۡ اَنَّهَا تَسۡعٰى ٦٦

❂ (મૂસાએ) ફરમાવ્યું, "નહીં, તમે જ નાખો;" જેથી તેમનાં દોરડાં, લાકડીઓ, વગેરે તેમના જાદૂના બળે તેને એવાં દેખાવા લાગ્યાં કે જાણે મોટા વિકરાળ સર્પ બનીને દોડી રહ્યા છે. **(સૂરા તા હા, આયત–૬૬)**

---

فَاَوۡجَسَ فِىۡ نَفۡسِهٖ خِيۡفَةً مُّوۡسٰى ٦٧

❂ ત્યારે મૂસાને પણ પોતાના મનમાં કાંઈક ભય લાગ્યો. **(સૂરા તા હા, આયત–૬૭)**

---

قُلۡنَا لَا تَخَفۡ اِنَّكَ اَنۡتَ الۡاَعۡلٰى ٦٨

❂ જેથી અમોએ કહ્યું, "ડર નહીં; નિ:સંશય, તું જ સર્વોપરી થશે." **(સૂરા તા હા, આયત–૬૮)**

---

وَلَقَدۡ قَالَ لَهُمۡ هٰرُوۡنُ مِنۡ قَبۡلُ يٰقَوۡمِ اِنَّمَا

❂ અને હારૂને તેમને પહેલાંથી જ કહી દીધું

فُتِنْتُمْ بِهٖ ۚ وَاِنَّ رَبَّكُمُ الرَّحْمٰنُ فَاتَّبِعُوْنِيْ
وَاَطِيْعُوْٓا اَمْرِيْ ﴿٩٠﴾

હતું કે, “હે મારી કોમ! આ વાછરડા વડે તમારી કસોટી જ કરવામાં આવી છે, અને નિ:સંશય તમારો પરવરદિગાર તે જ દયાળુ અલ્લાહ છે, માટે તમે મારી તાબેદારી કરો, અને મારી આજ્ઞા માનો.”

**(સૂરા તા હા, આયત–૯૦)**

---

قَالُوْا لَنْ نَّبْرَحَ عَلَيْهِ عٰكِفِيْنَ حَتّٰى يَرْجِعَ
اِلَيْنَا مُوْسٰى ﴿٩١﴾

✪ તેમણે કહ્યું કે, “અમે તેની ઈબાદત કરતાં અટકીશું નહીં, જ્યાં સુધી કે મૂસા (અ.) અમારી પાસે પાછા ફરીને ન આવે.”

**(સૂરા તા હા, આયત–૯૧)**

---

فَقُلْنَا يٰٓاٰدَمُ اِنَّ هٰذَا عَدُوٌّ لَّكَ وَلِزَوْجِكَ
فَلَا يُخْرِجَنَّكُمَا مِنَ الْجَنَّةِ فَتَشْقٰى ﴿١١٧﴾

✪ જેથી અમોએ કહ્યું કે, “અય આદમ! નિ:સંશય આ તારો અને તારી પત્નીનો દુશ્મન છે, જેથી એમ ન થાય કે તે તમને જન્નતમાંથી કાઢી મૂકે, તેથી તું આપત્તિમાં આવી પડે.”

**(સૂરા તા હા, આયત–૧૧૭)**

---

اِنَّ لَكَ اَلَّا تَجُوْعَ فِيْهَا وَلَا تَعْرٰى ﴿١١٨﴾

✪ “જો કે, આ વાત ચોક્કસ છે કે તું તેમાં ન ભૂખ્યો રહેશે અને ન નગ્ન.”

**(સૂરા તા હા, આયત–૧૧૮)**

---

وَاَنَّكَ لَا تَظْمَؤُا فِيْهَا وَلَا تَضْحٰى ﴿١١٩﴾

✪ “અને ન તેમાં કદી તરસ્યો થશે, અને ન તને તડકો લાગશે.” **(સૂરા તાહા, આયત–૧૧૯)**

---

فَوَسْوَسَ اِلَيْهِ الشَّيْطٰنُ قَالَ يٰٓاٰدَمُ هَلْ
اَدُلُّكَ عَلٰى شَجَرَةِ الْخُلْدِ وَمُلْكٍ لَّا يَبْلٰى ﴿١٢٠﴾

✪ હવે, શયતાને તેના મનમાં વસવસો નાખ્યો અને કહ્યું કે, “અય આદમ! શું હું તને અમર રહેવાનું વૃક્ષ દેખાડું? અને એવી સલ્તનત (દેખાડું) કે જે કદી જૂની ન થાય?” **(સૂરા તાહા, આયત–૧૨૦)**

---

قَالُوْٓا ءَاَنْتَ فَعَلْتَ هٰذَا بِاٰلِهَتِنَا يٰٓاِبْرٰهِيْمُ
﴿٦٢﴾

✪ (પછી જ્યારે ઈબ્રાહીમ (અ.)ને હાજર કરવામાં આવ્યા, ત્યારે આ લોકો) બોલ્યા કે, “અય ઈબ્રાહીમ! શું તેં જ અમારા દેવતાઓની આવી દશા કરી છે?” **(સૂરા અંબિયા, આયત–૬૨)**

# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી



## વ્યવસાય

١- عَلٰی قَدْرِ الْحِرْمَانِ تَكُوْنُ الْحِرْفَةُ

૧. વંચિતપણાને આધારે વ્યવસાય નક્કી કરવામાં આવે છે.

٢- اَلْحِرْفَةُ مَعَ الْعِفَّةِ خَيْرٌ مِّنَ الْغِنٰى مَعَ الْفُجُوْرِ

૨. પ્રમાણિકતા સાથેનો વ્યવસાય, અનૈતિકતા સાથેની સમૃદ્ધિ કરતાં વધારે સારો છે.

## હરામ

١- اَلْحَرَامُ سُحْتٌ

૧. પ્રતિબંધિત બાબત (હરામ) ગેરકાનૂની છે.

## વંચિતતા

١- اَلْحِرْمَانُ خِذْلَانٌ

૧. વંચિતતા તરછોડવા સમાન છે.

٢- عَجِبْتُ لِمَنْ يَرْجُو فَضْلَ مَنْ فَوْقَهُ، كَيْفَ يَحْرُمُ مَنْ دُوْنَهُ

૨. મને તે માણસ પર આશ્ચર્ય થાય છે કે જે પોતાના વડીલોથી ઉપકારની અપેક્ષા રાખે છે, અને નાનાને વંચિત રાખે છે.

٣- لَنْ تَسْكُنَ حُرْقَةُ الْحِرْمَانِ حَتّٰى يَتَحَقَّقَ الْوِجْدَانُ

૩. જે માણસ વંચિત રહે છે, તે ત્યાં સુધી ખોજ ચાલુ રાખે છે, જ્યાં સુધી તે પ્રાપ્ત નથી કરી લેતો.

٤- لَا تَحْرِمِ الْمُضْطَرَّ وَاِنْ اَسْرَفَ

૪. કોઈ પણ નિરાશ અથવા દુ:ખી માણસને વંચિત ન રાખો, ભલે પછી તે ખર્ચાળ હોય.

٥- لَا تُخَيِّبِ الْمُحْتَاجَ وَاِنْ اَلْحَفَ

૫. કોઈ પણ મોહતાજને નિરાશ ન કરો, ભલે પછી તે માગવામાં અતિશયોક્તિ કરતો હોય.

## અલ્લાહનું જૂથ

١۔ اَيَسُرُّكَ اَنْ تَكُوْنَ مِنْ حِزْبِ اللّٰهِ الْغَالِبِيْنَ: اِتَّقِ اللّٰهَ سُبْحَانَهُ، وَ اَحْسِنْ فِيْ كُلِّ اُمُوْرِكَ، فَاِنَّ اللّٰهَ مَعَ الَّذِيْنَ اتَّقَوْا وَ الَّذِيْنَ هُمْ مُحْسِنُوْنَ

૧. શું તમને એ બાબત ગમશે કે તમે અલ્લાહના ગાલિબ થનારા જૂથમાં શામેલ થઈ જાઓ? (તો પછી) અલ્લાહનો તકવો કરો અને પોતાનાં બધાં કાર્યોમાં નેકી કરો. કારણ કે, અલ્લાહ તે લોકો સાથે છે કે જેઓ અલ્લાહનો તકવો ધારણ કરે છે અને જેઓ ભલાઈ કરે છે.

## દીર્ઘદ્રષ્ટિ

١۔ اَلْحَزْمُ تَجَرُّعُ الْغُصَّةِ، حَتّٰى تُمَكِّنَ الْفُرْصَةُ

૧. દીર્ઘદ્રષ્ટિનો અર્થ ગુસ્સાને પી જવું છે, જ્યાં સુધી તમને યોગ્ય તક ન મળે.

٢۔ اَوَاخِرُ مَصَادِرِ التَّوَقِّيْ اَوَائِلُ مَوَارِدِ الْحَذَرِ

૨. પોતાની જાતને બચાવવાનો છેલ્લો ઉપાય તે તકેદારીનું પહેલું પગલું છે.

٣۔ اَلْحَزْمُ النَّظَرُ فِي الْعَوَاقِبِ، وَ مُشَاوَرَةُ ذَوِى الْعُقُوْلِ

૩. દીર્ઘદ્રષ્ટિ એ પોતાના કાર્યનાં પરિણામો વિષે ચિંતન કરવું અને બુદ્ધિશાળીઓ જોડે ચર્ચાવિચારણા કરવી તે છે.

٤۔ اَلَا وَ اِنَّ مَنْ تَوَرَّطَ فِي الْاُمُوْرِ مِنْ غَيْرِ نَظَر فِي الْعَوَاقِبِ فَقَدْ تَعَرَّضَ لِمُفْدِحَاتِ النَّوَائِبِ

૪. જાણી લો કે જે માણસ પરિણામો વિષે મનોમંથન કર્યા વગર કામ શરૂ કરી દે છે, તે સખ્ત મુશ્કેલીઓમાં સપડાય છે.

٥۔ اَصْلُ الْعَزْمِ الْحَزْمُ، وَ ثَمَرَتُهُ الظَّفَرُ

૫. દૃઢનિશ્ચયનો પાયો દીર્ઘદૃષ્ટિ છે, અને તેનું ફળ સફળતા છે.

٦۔ اَلْحَزْمُ بِضَاعَةٌ (وَ) التَّوَانِيْ اِضَاعَةٌ

૬. દીર્ઘદૃષ્ટિ મૂડી છે અને બેદરકારી નુકસાન છે.

٧۔ اَلْحَزْمُ صِنَاعَةٌ

૭. દીર્ઘદૃષ્ટિ એક હુન્નર છે.

٨۔ اَلْحَزْمُ اَسَدُّ الْآرَاءِ

૮. દીર્ઘદૃષ્ટિ એ મક્કમ મંતવ્ય છે.

٩۔ اَلْحَزْمُ حِفْظُ التَّجْرِبَةِ

૯. દીર્ઘદૃષ્ટિ અનુભવોનું રક્ષણ છે.

١٠۔ اَلْحَزْمُ بِاِجَالَةِ الرَّاْيِ

૧૦. દીર્ઘદૃષ્ટિ એ મંતવ્યોની સંપૂર્ણ ચકાસણી કરવી તે છે.

١١۔ اَلْحَزْمُ شِدَّةُ الْاِسْتِظْهَارِ

૧૧. દીર્ઘદૃષ્ટિ એ ખૂબ જ સચેત રહેવું છે.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહ્જુલ અસરાર

સંપાદક : મોલ્વી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

(ગતાંકનું ચાલુ)

**કુરઆને મજીદ પર નાસ્તિકોના એતરાઝ:**

આથી રસૂલલ્લાહ (સ.)ની ફઝીલતની બાબતમાં જે અલ્લાહની કિતાબમાં લખેલું છે, અને જેને જાહિલ અને આલિમ બધા જાણે છે, એ જ અલ્લાહનો કોલ પણ છે કે, "જેણે રસૂલલ્લાહ (સ.)ની ઈતાઅત કરી, તેણે અલ્લાહની ઈતાઅત કરી." (સૂરા નિસા, આયત–૮૦) અને અલ્લાહનો કોલ છે કે, "બેશક, અલ્લાહ અને તેના ફરિશ્તાઓ દુરૂદ મોકલે છે નબી (સ.) પર. અય ઈમાન લાવનારાઓ! સલવાત મોકલો અને એવી રીતે સમર્પિત થાઓ કે જેવી રીતે સમર્પિત થવાનો હક છે." આ આયતનું ઝાહિર પણ છે અને બાતિન પણ. તેથી તેના કોલનું ઝાહિર "સલ્લૂ અલૈહિ" છે, અને બાતિન "સલ્લેમૂ તસ્લીમા" છે, અર્થાત્ તમે સમર્પિત થાઓ તેમને કે જેમના વિષે તેણે વસિયત કરી, જેમને તેણે ખલીફા બનાવ્યા, જેમને તેણે તમારા ઉપર ફઝીલત આપી, અને જેમના વિષે તેણે અહદ લીધો છે સમર્પિત થવાનો. આ એ છે કે જેની મેં તને ખબર આપી કે, બેશક તેની તાવીલ કોઈ નથી જાણતું, સિવાય કે જેની હસ્સાસિયત (સંવેદનશીલતા) જીવંત હોય, બુદ્ધિ સાફ હોય, અને (હક અને બાતિલ વચ્ચે) ફર્ક કરવાની રીત સહીહ હોય, અને તેમના જ વિષે અલ્લાહનો આ કોલ છે, "સલામ થાય ઈલ્યાસીન (આલે યાસીન) પર" (સૂરા સાફ્ફાત, આયત–૧૩૦) કારણ કે અલ્લાહે નબી (સ.)ને અહીં આ નામ વડે પોકાર્યા છે, જેમ કે, તે ફરમાવે છે, "યાસીન, કસમ છે હિકમતવાળા કુરઆનની, બેશક આપ રસૂલોમાંથી જ છો." (સૂરા યાસીન, આયત–૧ થી ૩) કારણ કે આ તેના ઈલ્મમાં હતું કે, તેઓ અલ્લાહના આ કોલ "સલામ થાય આલે મોહંમદ પર"ને છુપાવત, જેવી રીતે કે તેમણે અન્ય વાતોને છુપાવી છે. અને રસૂલલ્લાહ (સ.) તેમનાથી જુદા ના થયા, અને તેમની સાથે જોડાયેલા રહ્યા, તેમને પોતાની નજીક કરતા રહ્યા, અને તેમને પોતાની જમણી અને ડાબી બાજુએ બેસાડતા રહ્યા એટલે સુધી કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લે તેમનાથી દૂરી રાખવાની ઈજાઝત આપી દીધી પોતાના આ કોલ વડે, "અને આપ સુંદરતાની સાથે તેમનાથી અલગ થઈ જાઓ." (સૂરા મુઝ્ઝમ્મિલ, આયત–૧૦) અને વળી તેનો કોલ, "પછી એ કાફિરોને શું થઈ ગયું છે કે એમની ટોળીઓ તમારી તરફ જમણી

અને ડાબી બાજુએથી દોડી ચાલી આવી રહી છે. શું એમનામાંથી દરેક શખ્સ એનો ઈચ્છુક છે કે તે જન્નતે નઈમમાં દાખલ થશે? કદાપિ નહીં. તેઓ જાણે છે કે અમે તેમને કઈ ચીજથી પેદા કર્યા છે (સૂરા મઆરિજ, આયત–૩૬થી૩૯) અને એવી રીતે અલ્લાહનો કોલ છે કે, "એ દિવસે અમે દરેક શખ્સને તેના ઈમામની સાથે બોલાવીશું." (સૂરા બની ઈસરાઈલ, આયત–૭૧) એવું નથી ફરમાવ્યું કે કોઈને તેના પોતાના નામ અને તેના માબાપના નામની સાથે બોલાવીશું.

અને અલ્લાહનો કોલ કે, "દરેક વસ્તુ હલાક થનારી છે સિવાય તેના ચહેરાના." (સૂરા કસસ, આયત–૮) તેથી તેના દીન સિવાય દરેક વસ્તુ ફાની પેદા કરવામાં આવી છે, કેમ કે એ અસંભવિત છે કે દરેક વસ્તુને હલાક કરી દેવામાં આવે અને તેનો ચહેરો બાકી રહે. તે એ બાબતથી બેહદ જલીલ અને કરીમ અને અઝીમ છે કે (તેને ચહેરો હોય) બેશક જે કંઈ તેનાથી ન થાય તે હલાક થશે. શું તું નથી જોતો કે અલ્લાહે ફરમાવ્યું છે કે, "દરેક ચીજ ફના થવાવાળી છે અને તારા રબનો ચહેરો બાકી રહી જશે, કે જે જલાલવાળો અને ઈઝ્ઝતવાળો છે." (સૂરા રહમાન, આયત–૨૬ અને ૨૭) તેથી તેણે પોતાની મખ્લૂક અને પોતાના ચહેરામાં અંતર રાખ્યું છે.

એ આયત કે જે મેં જોઈ, ''અને જો તમને ડર હોય કે તમે યતીમોની સાથે ઈન્સાફ નહીં કરી શકો તો સ્ત્રીઓમાંથી જેટલી તમારા માટે પાક હોય તેમનાથી નિકાહ કરી લો'' (સૂરા નિસા, આયત–૩) અને યતીમો સાથેનો ઈન્સાફ સ્ત્રીઓની સાથે નિકાહ કરવાની બાબતથી સુસંગત નથી, અને ન તો દરેક સ્ત્રી યતીમ છે તો આનો શું અર્થ?

અને વાત કરીએ તમને આ આયતની સમજ ન પડવા વિષે: ''અને જો તમને ડર હોય કે તમે યતીમોની સાથે ઈન્સાફ નહીં કરી શકો તો સ્ત્રીઓમાંથી જેટલી તમારા માટે પાક હોય તેમનાથી નિકાહ કરી લો'' અને યતીમોના મામલામાં ઈન્સાફ કરવો એ સ્ત્રીઓની સાથે નિકાહ કરવાથી સુસંગત નથી, અને ન તો દરેક સ્ત્રી યતીમ છે, તેથી આ પણ એ જ બાબતમાંથી છે કે જેનો મેં આગળ ઉલ્લેખ કર્યો કે કુરઆનમાંથી મુનાફિકોનાં નામ કાઢી દેવામાં આવ્યાં છે, અને યતીમો અને સ્ત્રીઓથી નિકાહ કરવા વિષે, અને એવાં એવાં સંબોધનો અને કિસ્સાઓ છે જે ત્રીજા ભાગના કુરઆન કરતાંય વધારે હતાં. આ અને આના જેવી બીજી બાબતો, જેમ કે મુનાફિકોની ઘટનાઓ ચિંતનમનન કરનારાઓ માટે હતી, અને (ઈસ્લામને) ખરાબ કરનારા અને બીજી મિલ્લતોવાળા ઈસ્લામની મુખાલેફતમાં કુરઆન વિષે કટાક્ષ કરે છે, અને જો આવી રીતે દરેક કાઢી દીધેલી, તહરીફ કરી દીધેલી, અને બદલી દીધેલી બાબતોને વિસ્તારથી હું તમારી સામે વર્ણન કરું તો ઘણું લાંબુ વર્ણન થઈ જશે – અને વલીઓની પ્રશંસા તેમ જ દુશ્મનોના એબ કે જેને જાહેર કરવાથી તકિય્યો રોકે છે તે જાહેર થઈ જશે.

અને અલ્લાહનો કોલ કે, "અમે તેમના પર ઝુલ્મ કર્યો ન હતો, બલ્કે તેઓ પોતે પોતાના જીવો પર ઝુલ્મ કરતા હતા." તેથી તે આઝમ અને જલીલતરીન ઝાત એ બાબતથી પાક છે કે ઝુલ્મ કરે. અલબત્ત, તેણે પોતાના ઉમના (અમીન બંદાઓ)ને પોતાની અન્ય મખ્લૂક કરતાં પોતાની વધુ નજીક કરી દીધા અને તેની નજીક રહેલી તેમની

કદરો મંઝેલતને અન્ય મખ્લૂકને ઓળખાવી, અને જો તેમણે ઝુલ્મ કર્યો, તો તેમના પરનો ઝુલ્મ જાણે કે અલ્લાહ પરનો ઝુલ્મ છે. કોલ પ્રમાણે, "અમે ઝુલ્મ નથી કર્યો" કેમ કે એ ઝાલિમોએ ઔલિયાએ ખુદા સાથે બુગ્ઝ રાખ્યું અને તેમના દુશ્મનોની મદદ કરી અને અલ્લાહ તઆલાના કોલ પ્રમાણે તેઓ પોતાની જાત પર ઝુલ્મ કરતા હતા. અલ્લાહે તેમના પર જન્નત હરામ કરી દીધી, અને જહન્નમમાં દાખલ થવાનું વાજિબ કરી દીધું.

અને અલ્લાહનો કોલ કે, "હું તમને એક નસીહત કરું છું." (સૂરા સબા, આયત–૪૬) પછી અલ્લાહ તઆલાએ શરઈ દુઆઓ અને અહ્કામ, ફરાઈઝે મુખ્તાફ ઔકાતમાં નાઝિલ ફરમાવ્યા, જેમ કે જમીન અને આસમાનને છ દિવસોમાં ખલ્ક ફરમાવી. જો તે ઈચ્છત તો આંખના એક પલકારા કરતાંય ઓછા સમયમાં પણ પેદા કરત, પરંતુ તેને વિલંબ અને આદરને અમ્નાદના માટે ઉદાહરણ બનાવ્યું અને મખ્લૂક પર વાજિબ કર્યું કે તેની હુજ્જતોને કબૂલ કરે. તેથી પહેલી બાબત કે જે તેમના પર નક્કી કરવામાં આવી હતી ઈકરાર અને હિદાયત અને રુબૂબ્બિયત અને શહાદત બા અલ્ફાઝ લા ઈલાહા ઈલ્લલ્લાહ હતી. તેથી જ્યારે તેમણે આ બાબતનો ઈકરાર કર્યો, પોતાના નબીની નબુવ્વતનો ઈકરાર અને એમની રિસાલતની શહાદતનો ઝિક્ર કર્યો. અને જ્યારે તેમણે એમાં પણ ઈતાઅત કરી, એમના પર નમાઝ, રોઝા, હજ, જિહાદ, ઝકાત અને સદકાઓ વાજિબ કરવામાં આવ્યા અને જે કંઈ માલે ફૈઈથી જારી થતું હતું, તેનો હુકમ આપ્યો. પછી મુનાફિકોએ કહ્યું કે, "શું તમારા રબની પાસે કોઈ બીજી ચીજ બાકી રહી ગઈ છે કે અમારા પર ફર્ઝ કરે? તેનો ઝિક્ર કરી દો કે જેથી અમારા નફસોને સંતોષ પ્રાપ્ત થાય કે હવે કોઈ બીજી ચીજ બાકી નથી." અલ્લાહે આ બાબતમાં હુકમ નાઝિલ ફરમાવ્યો કે, "તેમને કહી દો કે એક સૌથી મોટી ચીજ બાકી છે," અર્થાત્ વિલાયત અને આ હુકમ નાઝિલ ફરમાવ્યો:

"સિવાય એના નથી કે તમારો વલી અલ્લાહ છે, અને તેના રસૂલ અને એ મોમિનો કે જેઓ નમાઝને કાયમ કરે છે અને હાલતે રુકૂઅમાં ઝકાત અદા કરે છે." (સૂરા માએદા, આયત–૫૬) ઉમ્મતને આ બાબતમાં ઈખ્તેલાફ નથી કે એ દિવસે એક મર્દ સિવાય હાલતે રુકૂઅમાં બીજા કોઈએ ઝકાત આપી હોય. જો અલ્લાહ પોતાની કિતાબમાં તેના નામનો ઝિક્ર કરત, તો એ નામને પણ એવી જ રીતે મિટાવી દેત, જેવી રીતે કે બીજાં નામોને મિટાવી દીધાં કે જેમનો ઝિક્ર કરવામાં આવ્યો હતો. આ એ રહસ્યોમાંથી છે કે જેનો ઝિક્ર મેં તારાથી કર્યો અને કિતાબથી એની સાબિતી આપી જેથી તેના ભાવાર્થથી (મુહર્રફીન) ઊલટો બદલાયેલો અજાણ જ રહે અને તારી અને તારા જેવા બીજા લોકોની તબ્લીગ થઈ જાય. એ વખતે અલ્લાહે ફરમાવ્યું કે "આજના દિવસે મેં તમારા માટે તમારા દીનને સંપૂર્ણ કરી દીધો અને મારી નેઅમતને તમારા ઉપર તમામ કરી અને તમારા માટે દીને ઈસ્લામથી રાજી થયો." (સૂરા માએદા, આયત–૩) (ક્રમશઃ)

**નન્હે રોઝેદાર**



ફરવાફાતેમા હસનઅબ્બાસ વાઘ
વાલેદા: આબેદાબેન (ઈલોલ તલાવ)
ઉ.વ. ૮ રોઝા - ૨૯


“કુદરતી મીઠાશની સાથે ૧૦૦% સાચું
મધ એટલે ‘શફિઆ’ મધ”
સુપર કોલોની મધ
લીચી મધ
બેરી મધ (સીદ્ર મધ)
રોઝવુડ મધ
હિમાચલ મલ્ટિફ્લોરા મધ
મલ્ટિફ્લોરા મધ
Order on: www.shafiaindia.com
SHAFIA
Litchi
HONEY
Super colony
HONEY
MultiFlora
100% NATURAL HONEY
500g [17.64 OZ]
Berry
HONEY
SHAFIA
67/109, ઝહીરાબાદ, હિંમતનગર, ગુજરાત - 383002, ભારત.
Ph. : +91 2772 222048 | M.: +91 99795 50421
Email : info@shafiaindia.com | www.shafiaindia.com



હઝરત પીર મશાયખ બાવા (રહે.) કૃત...

# મશાયખવાણી

**મક્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૧૫**

**આવ રણ પાસ મેદાનમાં, ઘોડે કુ કુદાયા,**
**અને શેહઝાદે કી તા'રીફ, ઝબાં પર લાયા.**

*(રણમેદાન પાસે આવીને ઘોડો કુદાડ્યો, અને જબાનથી ઈમામ હુસૈન (અ.)ની તારીફ કરવા લાગ્યા.)*

**બાજ ઉચકને ઘોડે કુ, રણ ભીતર ડલાયા,**
**સો સબુકી નજરૂં, અજબ રે આયા.**

*(પછી ઘોડાને ઊંચકીને રણમાં નાખ્યો, તો બધાની નજરે અજબ લાગ્યું.)*

**કે સુનને વાલે લોક, ભી એગાને બેગાને,**
**સબ આફરીન કરને, લાગે રે જાને.**

*(કે સાંભળવાવાળા જે જાણકાર અને અજાણ હતા, બધા જ લોકો વાહ વાહ કહીને શાબાશી આપવા લાગ્યા.)*

**હલ મુબારીઝ કા, તબ સુખન નીકલા,**
**જબ આએ રે રણમાં, એ જીસ રે હાલા.**

*(જ્યારે આવી રીતે રણમેદાનમાં આવ્યા ત્યારે લડવૈયાની માંગણી કરી.)*

**તબ સામી દુશ્મન, ચલ ચલ આએ,**
**સો વાહેબને માર માર, સબુકુ ગીરાએ.**

*(ત્યારે સામે જે દુશ્મનો આવવા લાગ્યા, તો વાહેબ સાહેબે બધાને મારી મારીને પડતા કર્યા.)*

**કીસે પીછેથી બરછી, માર આગે રે ગીરાયા,**
**કીસે સીનેમાં નેઝા, માર ઘોડેથી ડલાયા.**

*(કોઈને પાછળથી બરછી મારીને આગળ પાડ્યો, તો કોઈને છાતીમાં નેઝો મારીને ઘોડાથી જમીન પર પાડ્યો.)*

**કીસે શમશેર મારકર, કરે દો ભાગા,**
**સહી જુવાન તો એસા, જંગ કરને લાગા.**

*(કોઈને તલવાર મારીને બે ટુકડા કરી નાખ્યા, ખરેખર આ જુવાન આવો જંગ કરવા લાગ્યા.)*

**તબ થરથરા રણ, કરબલા કેરા,**
**કોઈ વાહેબકે સામી, ના આયા રે અનેરા.**

*(ત્યારે કરબલાનું રણ ધ્રૂજવા લાગ્યું, કોઈ બીજો દુશ્મન વાહેબ સાહેબની સામે આવતો નથી.)*

**એસા જંગ તો કરને, આએ પાસ રે માતા,**
**અબ રાજી હુએ તમંના, માતા કીતી યું બાતા.**

*(આવો જંગ કરીને માની પાસે આવ્યા, માને કહ્યું કે, "અય મા! હવે તમે રાજી થયાં?")*

**હાં રાજી હુવા મન, કહ્યા દિલ રે મેરા,**
**પણ જંગ કે માંહેં, બેટા રહો રે અનેરા.**

*("હા, મારું મન અને દિલ રાજી થયું, પણ બેટા! તમે જંગના મેદાનમાં જ રહો.")*

**તબ વાહેબે કહ્યા, તન ફના મેં હેં કીતા,**
**એ સુન સુન મોમિનો, ચંતા એતના દીતા.**

*(ત્યારે વાહેબે કહ્યું, "મેં મારું શરીર ફિદા કરી દીધું છે, આ સાંભળીને મોમિનોએ આટલો વિચાર કર્યો.)*

**રેતુહીં**

**સીખ દેવે માતા પુતકુ**

**મત તુ મોંડે તન રે, મત તુ મોંડે તન.**

**આજ ફના હે કરની ઝાતકુ**

**હે શહીદ હોનેકા દનરે, હે શહીદ હોનેકા દન.**

*(માએ બેટાને આવી શિખામણ આપી કે, "માંડવાળ ન કરો. આજે તમારી ઝાતને કુરબાન કરવાની છે, કેમ કે આજે શહીદ થવાનો દિવસ છે.")*

**બયાન નં.૨૧૯**

**એતા માતાકુ કેહકર, આએ ઓરત કે પાસા,**
**સો રૂખસત હોને, કેરી રે આશા.**

*(આટલું માને કહીને વિદાય થવાની આશાએ બીવીની પાસે આવ્યા.)*

**સો ઓરતસું વિદા હો, ફીર હુમલા કીતા,**
**જ્યું હરણ કે ઉપર, જ્યું જાતા હેં ચીતા.**

*(બીવીથી વિદાય થઈ ફરીથી હુમલો કર્યો, જેવી રીતે હરણ પર ચિત્તો હુમલો કરતો હોય છે.)*

**તબ મારને નેઝું, કહીં ધૂલમાં મીલાએ,**
**સબ થરથરે દુશ્મન, કોઈ સામી રે ના આએ.**

*(ત્યારે નેઝાથી મારીને ઘણાને ધૂળમાં મેળવી દીધા, બધા જ દુશ્મનો ધ્રૂજી ગયા અને કોઈ સામે ન આવ્યું.)*

**તબ સા'દ કે બેટેને, અવાજ રે કીતા,**
**તમે સબ મીલ ઘેરો, યું હુકમ રે કીતા.**

*(ત્યારે સઅદના બેટાએ મોટા અવાજે કહ્યું કે, "તમે બધા ભેગા મળીને ઘેરો કરો", આવો હુકમ આપ્યો.)*

**તબ સબુને આવકર, ઘેરા રે કરીયા,**
**અને તીરૂંકા ડાલના, મન રે ધરીયા.**

*(ત્યારે બધાએ આવીને ઘેરો ઘાલ્યો અને તીર મારવાનો વિચાર કર્યો.)*

**તબ જુવાનકે ઘોડેકું, તીર રે લગાયા,**
**હુવા જુવાન રે પ્યાદા, ઘોડા મારને ગીરાયા.**

*(ત્યારે વાહેબ સાહેબના ઘોડાને તીર માર્યાં તો ઘોડો મરી ગયો, અને વાહેબ સાહેબ ઘોડા વગરના પ્યાદા થઈ ગયા.)*

**તબ ઝાઝુને મીલકર, શહીદ કરાએ,**
**એસે વાહેબ જુવાન, ઝુઝે રે સુણાએ.**

*(પછી ઘણા બધાએ ભેગા મળીને શહીદ કરી નાખ્યા, આવી રીતે જુવાન વાહેબ સાહેબ ઝઝૂમ્યા, એવું સાંભળવા મળ્યું છે.)*

**શીશ દુશ્મનું અનુકા, લે જુદા રે કીતા,**
**અને શેહઝાદેકી તરફ, લે ડલાયા સુણીતા.**

*(દુશ્મનોએ આપ (અ.)નું સર મુબારક જુદું કરી નાખ્યું, અને લઈને ઈમામ હુસૈન (અ.)ની તરફ નાખ્યું.)*

**તબ શેહઝાદેકે પાસ, વે શીશ રે આયા,**

**ઉનુ માતા ને ઓરત પાસ, ભેજા રે સુનાયા.**

*(ત્યારે એ માથું ઈમામ હુસૈન (અ.)ની પાસે આવ્યું, એ માથાને એમની મા અને બીવીની પાસે મોકલવામાં આવ્યું.)*

**ઓરત લોહી શીશ લેકર, સુરમા કીતા,**
**આહકા નારા રે મારતે, જીવ આપકા દીતા.**

*(બીવીએ માથામાંથી લોહી લઈને આંખોમાં સુરમો કર્યો, અને આહનો નાઅરો મારીને પોતાનો જીવ ફિદા કર્યો.)*

**ફીર માતાને આપ હાથ, શીશ લીયા રે સુણીતા,**
**એ સુન સુન મોમિનો, યાદ કીયા રે મીતા.**

*(પછી માએ પોતાના હાથમાં સર લીધું, આ સાંભળીને મોમિનોએ અલ્લાહને યાદ કર્યો.)*

**રેતુહીં**
**વાહેબને માતા સીખસુ**

**ફના કીયા આપ તનરે, ફના કીયા આપ તન.**
**ધન રે જુવાનકા મરના**
**ભી માતાકું ભી ધન રે, ભી માતાકું ભી ધન.**

*(વાહેબ સાહેબે માની રજાથી પોતાના શરીરને કુરબાન કર્યું. ધન્ય છે એ જુવાનની શહાદત પર, અને માને પણ ધન્ય છે.)*

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:


**મોમિન રઝાઅલી ખણુશીયા**
જાફરી આવાઝ (માસિક) ઑફિસ
મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,
મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.
મોબાઈલ: 84604 92429




ગુરૂકૃપા ઇલેક્ટ્રીક
(જળ એજ જીવન છે.)

સાબરકાંઠા
અને
બનાસકાંઠાના
બધાજ ગામોમા ઘરે બેઠા સર્વિસ મેળવો.

ઘર, ઓફિસ,
ફેક્ટરી તથા હોટલ
માટે RO મળશે.



7 ફાયદા આલ્કલાઈન પાણી
- શરીરના વજનનું સંતુલન જણાવવા.
- શરીરમાં પેદા થતા ઝેરી તત્વો દુર કરે છે.
- લોહીના પીએચનું સંતુલન જાળવે.
- કેલ્શીયમ વધારી હાડકા મજબુત બનાવે.
- હૃદય તંદુરસ્ત રાખે.
- શરીરમાં ઉર્જાનું લેવલ ઉંચુ રાખે.
- શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે.



RO સીસ્ટમ · આલ્કલાઈન RO સીસ્ટમ · ગેસ ગીઝર · ઈન્ડિસ્ટ્રીઅલ RO · પ્યોરીટ પ્લાન

એહમદઅબ્બાસ એસ. ભટ્ટી
૯૪૦૮૫૯૩૮૩૪
(ઈલોલવાળા)
મહેમુદહુસૈન એસ. ભટ્ટી
૯૪૨૬૭૪૬૪૨૯

**હોમ અપ્લાયંસ, કિચનવેર** અને **મોબાઈલ**
ખરીદવા માટેનું શ્રેષ્ઠ ઠેકાણું

# V WORLD
ELECTRONICS



શ્રેષ્ઠ કિંમત
અવનવી પ્રોડક્ટ્સ
વિશાળ બ્રાન્ડ્સ રેંજ

**BAJAJ FINSERV** સરળ હપ્તે ફાઈનાન્સ **0% INTEREST FREE**

**અમી હોટેલની બાજુમાં, છાપી હાઈવે,**
**તા. વડગામ, જી. બનાસકાંઠા, છાપી.**

શ્રેષ્ઠ ઓફર્સ મેળવવા સંપર્ક કરો
**786 385 3419**

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા–૧૫ (ગતાંકનું ચાલુ) مرثیہ-١٥

**હઝરત અલી અકબર (અ.)ની શહાદત પછી કરબલાના મેદાનમાં ઇમામ હુસૈન (અ.)નું રજઝ પઢવું**
**એક મુસાફરનું ઇમામ (અ.)ની મદદમાં શહીદ થવું**

**حضرت علی اکبر کی شہادت کے بعد میدانِ کربلا میں امام حسینؑ کی رجز خوانی**
**ایک مسافر کا نصرتِ امامؑ میں شہید ہونا**

٨٥

دیکھی جو یہ عنایتِ سلطان بحر و بر — رونے لگا وہ مردِ مسافر جھکا کے سر
دل سے کہا خدا کا ولی ہے یہ خوش سیر — اس حال میں غریب نوازی ہے اس قدر
دیکھی نہ باپ میں یہ محبت نہ بھائی میں
اب تک ہیں اس طرح کے بھی بندے خدائی میں

(જ્યારે તે મર્દે મુસાફરે સુલતાને બહરોબરની મહેરબાની જોઈ, તો તે માથું ઝુકાવીને રડવા લાગ્યો. દિલથી કહ્યું કે ખરેખર આ સારી સીરતવાળા ખુદાના વલી છે. આવી હાલતમાં પણ આટલી બધી ગરીબનવાઝી છે! આવી મોહબ્બત તો બાપમાં કે ભાઈમાં પણ જોઈ નથી. શું હજુ સુધી પણ ખુદાની ખુદાઈમાં આવા બંદા છે ખરા!)

٨٦

کھینچی ہے تو نے جس کے لئے زحمتِ سفر — اے بے خبر یہی ہے وہ سلطانِ بحر و بر
ویراں ہے یثرب و نجف اے مردِ خوش سیر — شب سے یہاں نبیؐ و علیؑ ہیں برہنہ سر
زینبؑ یہ ہے جو ڈیوڑھی پہ جان اپنی کھوتی ہے
زہراؑ تو ساتویں سے اسی بن میں روتی ہے

((હઝરત ઈમામ હુસૈન (અ.)એ કહ્યું કે, “અય મુસાફિર!) જેમના માટે તેં સફરની મુશ્કેલીઓ વેઠી છે, અય બેખબર!

આ એ જ તો સુલતાને બહરોબર છે. અય નેક આચરણવાળા યસરિબ અને નજફ તો વેરાન છે. રાતથી જ અહીં નબી (સ.) અને અલી (અ.) ઉઘાડે માથે છે. આ ઝૈનબ (અ.) છે કે જેઓ દેવડી પર પોતાનો જીવ ખોઈ રહ્યાં છે. બીબી ફાતેમા ઝહરા (અ.) તો મોહર્રમની સાતમી તારીખથી જ આ જંગલમાં રોઈ રહ્યાં છે.")

۸۷

اُس بے وطن نے جب کہ مفصّل سنا یہ حال — غش کھا کے پائے شہ پہ گرا وہ نکو خصال
اُٹھا تڑپ کے جب تو پکارا بصد ملال — یہ کیا قیامت آگئی اے فاطمہؑ کے لال
کیا تھی خبر کہ آپ اس آفت میں بن میں ہیں
میں تو یہ جانتا تھا کہ حضرت وطن میں ہیں

(તે બેવતન મુસાફરે જ્યારે આવી વિગતવાર વાત સાંભળી તો ગશ ખાઈને ઈમામ હુસૈન (અ.)ના કદમોમાં પડી ગયો. જ્યારે ગશમાંથી તડપીને ઊઠ્યો તો ખૂબ જ દુઃખથી પોકારી ઊઠ્યો, "અય ફાતેમા (અ.)ના લાલ! આ કેવી કયામત આવી ગઈ છે! મને કયાં ખબર હતી કે આપ જંગલમાં આવી આફતમાં છો. હું તો સમજતો હતો કે આપ વતનમાં છો.)

۸۸

مدت سے تھی مجھے تو زیارت کی آرزو — خوبی مرے نصیب کی یا شاہِ نیک خو
اب دیجیے رضا کہ جگر غم سے ہے لہو — مر جاؤں لڑ کے فوج سے حضرت کے روبرو
لِلّٰہ چشمِ پاک کو اب نم نہ کیجیے
اب اس غلام زادے کا کچھ غم نہ کیجیے

(લાંબા સમયથી મને તો આપની ઝિયારતની આરઝૂ હતી. અય નેક સીરતવાળા બાદશાહ! આ મારા નસીબની ખૂબી છે, કે હવે મને રજા આપો કે મારું જિગર ગમથી અત્યંત પીડાદાયક થઈ ગયું છે. હું હવે આપ હઝરતની રૂબરૂમાં ફોજ સામે લડીને મરી જાઉં. અલ્લાહ ખાતર (પોતાની) પાક આંખોમાંથી આંસુ ન વહાવો. હવે આ ગુલામઝાદાનો કોઈ ગમ ન કરો.)

۸۹

شہزادیاں امام کی ہوتی ہیں بے پدر — کچھ غم نہیں یتیم وہ لونڈی ہوئی اگر
میں کیا مکان کیا مرا یا شاہِ بحر و بر — جب بے سبب جہاں میں لٹے فاطمہؑ کا گھر
گیتی ہو آج درہم و برہم تو خوب ہے
اُلٹے تمام دفترِ عالم تو خوب ہے

(ઈમામ (અ.)ની શાહઝાદીઓ બાપ વગરની થઈ રહી છે, જો તે મારી દીકરી યતીમ થઈ ગઈ તો કોઈ ગમ નથી. હું તો શું? મારું ઘર (પણ) શું? અય શાહે બહરોબર! જ્યારે કારણ વગર દુનિયામાં ફાતેમા (અ.)નું ઘર લૂંટાઈ જાય. દુનિયા આજે અસ્તવ્યસ્ત થઈ જાય તો સારું છે. આલમની બધી વ્યવસ્થા ઊલટસૂલટ થઈ જાય તો સારું છે.")

۸۰
روکا بہت مگر کہیں رکتا تھا وہ دلیر　　　تلوار لے کے فوج پہ جھپٹا مثال شیر
سیرِ جناں کے شوق میں تھا زندگی سے سیر　　　ایسا لڑا کہ رن میں ہوئے زخمیوں کے ڈھیر
دم بھر رہا تھا عشق شہِ مشرقین کے
نعرہ تھا دم بہ دم کہ تصدق حسینؑ کے

(તેને ખૂબ રોકયો પણ તે બહાદુર રોકાય તેવો ક્યાં હતો? એ તો તલવાર લઈને શેરની માફક ફોજના ઉપર ઝપટ્યો. તે જન્નતની સૈર કરવાના શોખમાં હતો અને જિંદગીથી ધરાયેલો હતો. એવું લડ્યો કે રણમેદાનમાં જખમીઓના ઢગલા થઈ ગયા. તે શાહે મશરકૈનના ઈશ્કનો દમ ભરી રહ્યો હતો. હું હુસૈન (અ.) પર કુરબાન છું એવા વારંવાર નાઅરા મારી રહ્યો હતો.)





**ROC Compliances**
- Company Formation
- Appointment of First Auditor (Form ADT-1)
- Commencement of Business (Form INC-20A)
- Filing of Financial Statements (Form AOC-4)
- Filing of Annual Return (Form MGT-7)

**Income Tax Compliances**
- Preparation of Balance Sheet, P&L Account
- Preparation of Audit Report
- Preparation of Director's Report
- Filing of Income Tax Return
- TDS returns
- Scrutiny Assessment

**Statutory Audit & Others**
- Statutory Audit of the Company's Books of Accounts

**Intellectual Property Rights (IPR)**
- Trademark Registration
- Copyright Registration
- Patent Registration
- Design Registration
- ISO. Certification

**GST Compliances**
- GST Registration • GST Returns
- GST Assessment • GST Refund

**Other Services**
- Digital Signature Certificate (DSC)
- Udyam (MSME) Registration
- Import Export Code (IEC) Registration
- FSSAI Registration
- ESI Registration
- Trade Licence Registration
- Professional Tax (PT) Registration
- PF Registration & Return Filing
- Capital Subsidy
- Interest Subsidy
- Factory Act licence
- Labour Welfare Licence
- Project Finance/CMA Data

Mohsinhasan Momin (Sathal)
+91-990 418 9645
prosuccess7@gmail.com
A-604, Synergy, Opp. Commerce House-5, Nr. Vodafone House, Off. S.G. Highway, Corporate Road, Prahladnagar, Ahmedabad-380015.

سیرت ائمہؑ اہلبیتؑ

# સીરતે અઇમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

ઉર્દૂમાંથી અનુવાદ:
મૌલવી સાહેબ હસનઅલી
ધાન્ધારિયા (બાદરપુર)

(ગતાંકનું ચાલુ)

**મુસ્હફે ફાતેમા (અ.)**

ઈસ્લામની શરૂઆતના મુસલમાનોએ રસૂલલ્લાહ (સ.)નાં અક્વાલ અને કાર્યોને જમા કરી દીધાં હતાં. અને આ જ વસીલાથી સુન્નતે રસૂલ (સ.) આવનારા સમયમાં પહોંચી. એમાં શક નથી કે શરૂઆતના સમયમાં મોટાભાગના સહાબીઓ રસૂલલ્લાહ (સ.)નાં અક્વાલ અને કાર્યોથી સારી રીતે માહિતગાર હતા, કેમ કે આ એ જ લોકો હતા કે જેઓ જુદી જુદી પરિસ્થિતિમાં રસૂલલ્લાહ (સ.)ની સાથે રહેતા હતા. આ જ બુનિયાદ પર શરૂઆતના જમાનાના સહાબીઓને સુન્નત અને સીરતે રસૂલ (સ.)ના મામલામાં એ લોકોની સાપેક્ષે વધુ મોકા મળ્યા હતા, કે જેઓ આપ (સ.)ના પાક જીવનનાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈસ્લામ લાવ્યા હતા.

મુસ્હફે ફાતેમા (અ.) એ કિતાબ છે કે જેનો ઝિક્ર અઈમ્માએ અહલેબૈત (અ.)ની ઝબાન પર આવતો રહ્યો છે, કેમ કે હઝરત બીબી ફાતેમા (અ.) આખું જીવન પોતાના વાલિદે બુઝુર્ગવારની નજીક રહ્યાં. આપ (અ.) તેમની અહાદીસ અને ખુત્બા વગેરેને એવી રીતે સાંભળતાં હતાં કે હઝરત અલી (અ.) સિવાય બીજા કોઈને આવો મોકો મળતો ન હતો.

આવી સૂરતમાં આ વાત નવાઈ પમાડે તેવી નથી કે હઝરત બીબી ફાતેમા (અ.) જે કંઈ રસૂલલ્લાહ (સ.)થી અને હઝરત અલી (અ.)થી શરીઅત, અખ્લાક, અદબ અને આવનારા સમયમાં થવાવાળા પ્રસંગો અને પરિવર્તનો સંબંધિત સાંભળ્યું હતું તેને એક કિતાબની શકલમાં જમા કરી લીધું અને આપ (અ.)ની ઓલાદમાં થવાવાળા અઈમ્મા (અ.) બીજી વસ્તુઓની સાથે મુસ્હફે ફાતેમા (અ.) ને પણ વારસામાં પામતા રહ્યા.

કાફીમાં કુલૈનીએ અહમદ ઈબ્ને ઉમર અલ હલબીથી અને તેમણે અબૂ બસીરથી રિવાયત કરી છે કે તેઓ કહે છે:

એક દિવસ, હું ઈમામ જાફર સાદિક (અ.)ને મળવા માટે ગયો તો આપ (અ.)એ મને ફરમાવ્યું, “અય અબૂ મોહંમદ! રસૂલલ્લાહ (સ.)એ હઝરત અલી (અ.)ને ઈલ્મના એક હજાર બાબ તાલીમ ફરમાવ્યા અને દરેક બાબથી તેમના માટે એક હજાર બાબ ખુલતા રહ્યા.” મેં અરજ કરી, “આ સંપૂર્ણ ઈલ્મ છે?” ઈમામ (અ.) થોડા સમય સુધી જમીન તરફ જોતા રહ્યા, પછી ફરમાવવા લાગ્યા, “આ સંપૂર્ણ ઈલ્મ નથી. અય અબૂ મોહંમદ! અમારી

પાસે તો 'જામેઆ' છે. અને લોકો શું જાણે કે જામેઆ શું છે?" મેં અરજ કરી, "હું આપના પર કુરબાન થાઉં, 'જામેઆ' શું છે?" આપ (અ.)એ ફરમાવ્યું, "આ એક સહીફો છે જેની લંબાઈ ૭૦ હાથ છે. આ એ મજમૂઓ છે જેને રસૂલલ્લાહ (સ.), હઝરત અલી (અ.)ને લખાવતા રહેતા હતા. તેમાં દરેક હલાલ, હરામ, અને લોકોની દીની જરૂરિયાતોનું વર્ણન મોજૂદ છે. એટલે સુધી કે નખના કારણે થયેલ ખરાશની દિયતનો પણ ઝિક્ર છે." તેના પછી ઈમામ (અ.)એ આ પણ ફરમાવ્યું કે, "અમારી પાસે 'જફ્ર' છે. અને લોકો શું જાણે કે 'જફ્ર' શું છે? આ અંબિયા, ઔસિયા અને બની ઈસરાઈલના આલિમોના ઈલ્મનો એક ખજાનો છે, જે ચામડા પર લખેલો છે." મેં અરજ કરી, "શું આ સંપૂર્ણ ઈલ્મ છે?" તો આપ (અ.)એ ફરમાવ્યું, "આ ઈલ્મ છે, પરંતુ સંપૂર્ણ ઈલ્મ નથી." પછી ઈમામ (અ.)એ ફરમાવ્યું, "અમારી પાસે મુસ્હફે ફાતેમા (અ.) છે. લોકો શું જાણે કે મુસ્હફે ફાતેમા (અ.) શું છે?" મેં અરજ કરી, "મુસ્હફે ફાતેમા (અ.) શું છે?" ઈમામ (અ.)એ જવાબ આપ્યો, "મુસ્હફે ફાતેમા (અ.) કુરઆનની જેમ છે, પરંતુ તેમાં કુરઆનનો એક પણ શબ્દ નથી. (એટલે કે તમે કુરઆનના જાહેરી અર્થ અને તેની તફસીર વડે જે કંઈ સમજો છો તે આમાં નથી. પરંતુ આમાં કુરઆનની એ તાવીલ અને બાતિની અર્થ છે જે અમે જાણીએ છીએ. વધુમાં એ જ કે આમાં કુરઆનની તફસીલ છે.)" મેં અરજ કરી, "આ ઈલ્મ સંપૂર્ણ છે?" તો આપ (અ.)એ ફરમાવ્યું, "આ પણ ઈલ્મ છે, પરંતુ સંપૂર્ણ ઈલ્મ નથી." પછી ઈમામ (અ.) એક ક્ષણ માટે ચૂપ થઈ ગયા પછી ફરીથી ફરમાવ્યું, "આ ઈલ્મ છે, પરંતુ સંપૂર્ણ ઈલ્મ નથી." મેં અરજ કરી, "હું કુરબાન થાઉં. મૌલા સંપૂર્ણ ઈલ્મ શું છે?" આપ (સ.)એ ફરમાવ્યું, "અય અબૂ મોહંમદ! કયામત સુધી દરેક દિવસ અને રાતના એક વિષય પછી બીજા વિષય અને એક વસ્તુ પછી બીજી વસ્તુના વિષે જે કંઈ થવાનું છે તે સંપૂર્ણ ઈલ્મ છે."

કાફીમાં કુલૈનીએ અલી ઈબ્ને હકમથી અને તેમણે હુસૈન ઈબ્ને અબુલ ઉલાઅથી રિવાયત કરી છે કે ઈમામ જાફર સાદિક (અ.) ફરમાવતા રહેતા હતા કે, "અમારી પાસે 'જફ્રે અબ્યઝ' છે." મેં અરજ કરી, "તેમાં કઈ વસ્તુ છે?" આપ (અ.)એ ફરમાવ્યું, "દાવૂદ (અ.)ની ઝબૂર, મૂસા (અ.)ની તૌરાત, ઈસા (અ.)ની ઈન્જીલ, ઈબ્રાહીમ (અ.)ના સહીફા, અને મુસ્હફે ફાતેમા (અ.)."

એ બાબતની સાથે કે કોઈને આ મામલામાં ગલતફહમી ન થાય, અને તે એ ન સમજી બેસે કે મુસ્હફથી મુરાદ એવું કુરઆન છે જે લોકોની સામે મોજૂદ નથી. અને કોઈ માણસ લોકોને ગુમરાહ કરવાના ઈરાદાથી આ વાતનો ખોટો ફાયદો ન ઉઠાવવા લાગે, ઈમામ (અ.)એ ફરમાવ્યું, "મારો આ મતલબ નથી કે આમાં કુરઆન છે, પરંતુ આમાં દરેક વસ્તુનું વર્ણન છે, જેના માટે લોકો અમારી તરફ રજૂ થાય છે, અને અમારે કોઈની તરફ રજૂઅ કરવાની હાજત નથી હોતી. એટલે સુધી કે એક કોરડો, અડધો કોરડો, ૧/૪ કોરડો એટલે સુધી કે નખના કારણે થયેલ ખરાશના દંડનો પણ ઝિક્ર છે."

ઈમામ (અ.) વધુમાં ફરમાવતા ગયા, "અમારી પાસે 'જફ્રે અહ્મર' છે." રાવીએ પુછ્યું કે, તેમાં શું શું છે? ઈમામ (અ.)એ ફરમાવ્યું, "તેમાં જંગનાં હથિયારો છે. તેને જંગના સમયે ખોલવામાં આવે છે. અને તેને સિપાહી જ ખોલે છે." આવી જ

અન્ય રિવાયતો પણ છે જે એ વાત પર સહમત છે કે જામેઆ, જફ્ર અને મુસ્હફે ફાતેમા (અ.) આ ત્રણેય નામોથી જે બાબતો મુરાદ છે, તે એ છે કે અઈમ્માએ અત્હાર (અ.) અલી (અ.) અને બીબી ફાતેમા (અ.) થી વારસામાં પામતા રહ્યા છે. એ રિવાયતો જે આ વાતોને બયાન કરે છે તે એ સ્પષ્ટીકરણ પણ કરે છે કે જે આ ત્રણેયમાં છે તે રસૂલલ્લાહ (સ.) દ્વારા લાવવામાં આવેલા અહ્કામ, કાનૂનો, હિદાયત અને અન્ય વિષયોના વિરુદ્ધ નથી. આ બાબત પણ અશક્ય નથી કે તેમાં અહ્કામના સિવાય એ પ્રસંગો અને પરિવર્તનો સંબંધિત પણ ઈશારા મૌજૂદ હોય જે રસૂલલ્લાહ (સ.)ની વફાતના મહીનાઓ, વર્ષો અને સદીઓ દરમિયાન જાહેરમાં આવતાં રહ્યાં. જેવી રીતે વહી વડે આપ (સ.)ને તેની ખબર આપવામાં આવી હતી.

**હઝરત બીબી ફાતેમા (અ.) ફત્હે મક્કાના સમયે**

હઝરત બીબી ફાતેમા (અ.) ખૂબ જ ઉત્સાહ અને ખુશીની સાથે જોતાં રહ્યાં કે અરબ દેશના મોટા ભાગના પ્રદેશો ઈસ્લામના પરચમ હેઠળ આવી ગયા અને અરબના લોકો તેમના વાલિદે બુઝુર્ગવારની નબુવ્વત પર ઈમાન લઈ આવ્યા, એટલે સુધી કે કુરૈશે તેમનામાં પૂરેપૂરું અભિમાન અને અહંકાર હોવા છતાંય તેમના એક ઈજ્જતદાર પ્રતિનિધિને મદીના મોકલ્યો — જે એ સમયે ઈસ્લામી શાસનનું દારુલ હુકૂમત હતું — કે જેથી એ સુલેહનામાની મુદ્દતમાં વિસ્તારથી વાતચીત કરવામાં આવે કે જે હુદૈબિયા નામની જગ્યાએ હિજરતના છઠ્ઠા વર્ષે નક્કી કરવામાં આવી હતી, જ્યારે રસૂલલ્લાહ (સ.) ઉમરા માટે જઈ રહ્યા હતા.

કુરૈશે અબૂ સુફ્યાનને પોતાનો પ્રતિનિધિ બનાવીને મોકલ્યો, પરંતુ તેના પહેલાં જ તેને એ શર્તોનું ઉલ્લંઘન કરી નાખ્યું જે બન્ને વચ્ચે નક્કી કરવામાં આવી હતી. કેમ કે તેમણે રસૂલલ્લાહ (સ.) ના સાથી બનૂ ખુજાઆ વિરુદ્ધ તેમના સાથી બની બક્રનું સમર્થન કર્યું હતું, પરંતુ હવે તેમને યકીન થઈ ગયું હતું કે મુસલમાનો એક એવી તાકાત બની ગયા છે જેને નજરઅંદાજ ન કરી શકાય. જ્યારે રસૂલલ્લાહ (સ.)ને બનૂ ખુજાઆની સાથે કુરૈશના લોકોના વાયદા પર અટલ ન રહેવાની ખબર થઈ, તો આપ (સ.)એ તેમના વિરુદ્ધ લડવાની તૈયારી શરૂ કરી દીધી. આવા સમયે અબૂ સુફ્યાન કુરૈશનો દાવો પેશ કરવા રસૂલલ્લાહ (સ.)ની પાસે આવ્યો, પરંતુ આપ (સ.) તરફથી કોઈ ખાસ ધ્યાન ન મળતાં તેણે ચાહ્યું કે આ કામમાં કેટલાક મુસલમાનોની મદદ લે. પરંતુ કોઈએ તેની મદદ ન કરી. હવે તે તેની બેટી બીબી રમલા (રઝી.)ની પાસે ગયો, કે જેઓ રસૂલલ્લાહ (સ.)નાં ઝૌજા હતાં. પરંતુ તેમણે પણ ખુશીનો ઈઝહાર ન કર્યો, બલ્કે તેણે એ બિસ્તર પર બેસવા ચાહ્યું જે તેમના હુજરામાં હતું તો તેમણે જલ્દીથી તેને લપેટી લીધું, કેમ કે તેમણે આ પસંદ ન કર્યું કે તે મુશરિક એ બિસ્તર પર બેસે જેના પર રસૂલલ્લાહ (સ.) બેસતા હતા. આવી રીતે બેટી તરફથી પણ અપમાનિત થવા પર તેની અંદર ગુસ્સાની એક જ્વાળા દોડવા લાગી, કેમ કે તે આ કઠોરતાનો તસવ્વુર પણ કરી શકતો ન હતો, જે તેને તેની બેટી તરફથી મળી હતી. તે પોતાના મિશનની કામયાબીથી માયૂસ થઈ ગયો હતો. તેને એકાએક વિચાર આવ્યો કે તે હઝરત અલી (અ.)ના દરવાજા પર જાય, કેમ કે તેઓ અને તેમનાં ઝૌજા હઝરત બીબી ફાતેમા (અ.) રસૂલલ્લાહ (સ.)નાં ખૂબ જ નજીક હતાં.

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ    ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

## ઇમામ હુસૈન ઇબ્ને અલી (અ.)

(ગતાંકનું ચાલુ)

**ઈમામ હુસૈન (અ.)ની શહાદતનો પ્રસંગ:**

હઝરત અબ્બાસ (અ.)ના હુકમથી, હઝરત અબ્દુલ્લાહ (અ.) યઝીદી ફોજ તરફ ગયા અને હુમલો કર્યો. ઘણા જોશથી લડાઈ લડતા રહ્યા. છેવટે, તેમનો સામનો હાની ઈબ્ને શબીબ ખઝરમીથી થયો, લાંબા સમય સુધી તલવારોના વાર થયા અને રોકવામાં આવ્યા. હાની ઈબ્ને શબીબના ઘાતક વારથી હઝરત અબ્દુલ્લાહ (અ.) ઘોડા પરથી જમીન ઉપર પડી ગયા અને શહાદતનો જામ પી લીધો. ભાઈના મોતનો બદલો લેવા માટે હઝરત જાફર (અ.) આગળ વધ્યા, પરંતુ તેમને પણ હાનીએ શહીદ કરી દીધા. ત્યાર પછી હઝરત ઉસ્માન (અ.) આવ્યા અને થોડી વાર સુધી લડાઈ કરતા રહ્યા. ખૂલી ઈબ્ને યઝીદ અસ્બકીના તીરે આપને શહીદ કરી દીધા. જ્યારે આપને તીર લાગ્યું તો જમીન ઉપર પડી ગયા, ત્યારે બની દારમના એક વ્યક્તિએ આપનું માથું ધડથી અલગ કરી લીધું.

ત્યાર પછી, તરત જ યઝીદી ફોજે ઈમામ હુસૈન (અ.)ને ચારેબાજુથી ઘેરી લીધા. ફોજે આપ (અ.)ને એવી રીતે ઘેરી લીધા હતા કે આપ (અ.) પોતાના ખેમાઓ સુધી પણ પહોંચી શકતા ન હતા. તરસના કારણે આપ (અ.)ની જીભ ઉપર છાલા પડી ગયા હતા. આવી જ સ્થિતિમાં આપ (અ.) ફુરાત નહેર તરફ આગળ વધ્યા. હઝરત ઈમામ હુસૈન (અ.)ની મદદ માટે હઝરત અબ્બાસ (અ.) યઝીદી ફોજને ખદેડતાં ખદેડતાં ઈમામ (અ.)ની પાસે આવ્યા અને ઈમામ (અ.)ની આગળ આગળ ચાલવા લાગ્યા. યઝીદી ફોજમાં અફરાતફરી મચી ગઈ. બગડતી પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવવા માટે ઉમર ઈબ્ને સઅદે ઘોડેસવારોની ટુકડીને હુકમ આપ્યો કે રસ્તાને રોકી દેવામાં આવે. ઈમામ (અ.) ની આસપાસ મજબૂત ઘેરો નાખવામાં આવે. સવારોની ટુકડીમાં એક બની દારમનો માણસ હતો, તેણે પોતાના સાથીઓને કહ્યું કે, "લાનત થાય તમારા ઉપર! તેમને ફુરાત સુધી ન જવા દેતા. તેમને પાણીનું એક ટીપું પણ ન મળવું જોઈએ."

ત્યારે ઈમામ હુસૈન (અ.)એ બુલંદ અવાજે ફરમાવ્યું કે, "બારે ઈલાહા! હું તરસ્યો છું." આ અવાજ સાંભળી દારમી માણસને ગુસ્સો આવ્યો. તેણે ગુસ્સામાં એક તીર ઈમામ (અ.)ની તરફ ફેંક્યું. આ તીર ઈમામ (અ.)ની ગરદનમાં ફસાઈ ગયું, તો આપ (અ.) રોકાઈ ગયા, અને પોતાની ગરદનમાંથી

તીર કાઢ્યું. ઘામાંથી જે લોહી વહી રહ્યું હતું તેને ઈમામ (અ.)એ પોતાના હાથોમાં લઈ લીધું. લોહીથી બન્ને હાથો લથપથ થઈ ગયા. આપ (અ.) એ દબાયેલા અવાજે ફરિયાદ કરી કે, "અય મારા રબ! હું તારાથી ફરિયાદ કરું છું. અય માઅબૂદ! તું જોઈ રહ્યો છે કે તારા રસૂલ (સ.)ની વહાલી દીકરીના ફરઝંદ સાથે જાનવર જેવો વ્યવહાર થઈ રહ્યો છે." ત્યાર પછી આપ (અ.) મજબૂતાઈની સાથે ઊભા થયા, અને સાથે સાથે તરસની તીવ્રતા વધતી જ જતી હતી.

બીજી તરફ, દુશ્મનોએ હઝરત અબ્બાસ (અ.) ને ઘેરી લીધા હતા, અને તેમની અને ઈમામ (અ.) ની વચ્ચે મોટી સંખ્યામાં ફોજીઓ આડ બનેલા હતા. તે લોકો હઝરત અબ્બાસ (અ.)ને એક ડગલું પણ આગળ વધવા દેતા ન હતા. તીરો, તલવારો, નેઝાઓ અને બરછીઓના હુમલા થઈ રહ્યા હતા. ઘણી વાર સુધી હઝરત અબ્બાસ (અ.) લડાઈ લડતા રહ્યા. આખરે એકલો માણસ ક્યાં સુધી હજારોથી લડી શકે છે. છેવટે, પરિણામ એવું આવ્યું કે ઘાતક ઘા સહન ન થતા, આપ (અ.) ઘોડા પરથી પડી ગયા અને દમ તોડી દીધો. (અલ્લાહની રહમત થાય) આપ (અ.)ની કતલમાં ઘણા લોકો ભાગીદાર હતા, પરંતુ બે દુશ્મનો એવા હતા, જેમણે જુલ્મની હદ વટાવી દીધી હતી. આપ (અ.)ના કાતિલોમાં એક ઝૈદ ઈબ્ને વરકા હનફી અને બીજો હકીમ ઈબ્ને તુફૈલ સનસની હતો. આપ (અ.)ના શરીર ઉપર એટલા બધા ઘાતક ઘા લાગેલા હતા કે જ્યારે આપ (અ.) ઘોડા પરથી નીચે આવ્યા, તો જમીન ઉપર હાલી પણ શકતા ન હતા.

ઈમામ હુસૈન (અ.)ને યઝીદની ફોજ ઘેરી વળી હતી, પરંતુ આપ (અ.)એ ફોજનો ઘેરો તોડી દીધો અને પાછા ખૈમાઓ તરફ આવી ગયા. શિમ્રે જ્યારે આ જોયું, તો તે પોતાના બેહદ જાલિમ ફોજીઓને સાથે લઈને આગળ વધ્યો. તેણે ઈમામ (અ.)ને પોતાના કબજામાં લઈ લીધા. સૌથી મોટો જાલિમ ફોજી માલિક ઈબ્ને યસરા કિન્દી હતો, જે ઘણો ચુસ્ત અને કઠણ હૃદયી હતો. તે આગળ વધ્યો અને તેણે ઈમામ (અ.)ની વિરુદ્ધ તિરસ્કારપૂર્વક અપશબ્દો કહ્યા, અને આપ (અ.)ના સર મુબારક ઉપર ભરપૂર ઝર્બ મારી. ઈમામ (અ.)એ અમામો પહેરેલો હતો. તલવાર અમામાને કાપીને માથામાં ઊતરી ગઈ, અને ઘામાંથી લોહીના ફુવારા ઉડવા લાગ્યા, અમામો લોહીથી લથપથ થઈ ગયો.

ઈમામ હુસૈન (અ.) બેહદ દુઃખની સ્થિતિમાં હતા. આપ (અ.)એ માલિક ઈબ્ને યસરાને કહ્યું કે, "શું તેં કદી ધરાઈને પાણી નથી પીધું અથવા ખાધું નથી? (કયામતના દિવસે) અલ્લાહ તને જાલિમોના ટોળામાં શામિલ કરશે." આટલું કહ્યા પછી આપ (અ.)એ પોતાનો લોહીથી લથપથ થયેલો અમામો જમીન ઉપર મૂકી દીધો અને કપડાનો પાટો પોતાના માથે બાંધી લીધો. આપ (અ.)એ બીજો અમામો ઈશારાથી ખૈમામાંથી મંગાવ્યો અને તેને બાંધી દીધો.

આ દરમિયાન શિમ્ર ઈબ્ને ઝિલ જૌશન પોતાના સરદારો અને ફોજીઓની ટુકડી જોડે પાછો પોતાની જગ્યાએ જતો રહ્યો. થોડી વાર રાહ જોયા પછી શિમ્ર પોતાના ક્રૂર સાથીઓને લઈને ફરીથી આવી ગયો અને ઈમામ (અ.)ને

પોતાના ઘેરામાં લઈ લીધા. આ દૃશ્ય ઈમામ હસન (અ.)ના નાની વયના ફરઝંદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હસન ઈબ્ને અલી (અ.) જોઈ રહ્યા હતા. તેઓ હજુ પુખ્તવયના થયા ન હતા. તેઓ પોતાના કાકાની લાચારી જોઈને દુઃખી થઈ ગયા, અને દોડતાં દોડતાં આવ્યા અને કાકાની પાસે ઊભા થઈ ગયા. આ દૃશ્ય હઝરત અલી (અ.)નાં મોટાં બેટી હઝરત બીબી ઝૈનબ (અ.) પણ જોઈ રહ્યાં હતાં. અબ્દુલ્લાહ ઈબ્ને હસન (અ.)ને ફોજના ઘેરામાં જતા જોઈ તેઓ ખૈમામાંથી બહાર નીકળ્યાં, જેથી તેમને રોકી શકે. આ દરમ્યાન તેમણે ઈમામ (અ.) નો અવાજ સાંભળ્યો. ઈમામ (અ.) કહી રહ્યા હતા કે, "બાળકને ખૈમાની અંદર લઈ જાઓ." તે બાળક ફોઈ ઝૈનબ (અ.) સાથે પાછા ખૈમામાં જવા તૈયાર ન થયા. તેઓએ સાફ શબ્દોમાં કહ્યું કે, "અલ્લાહની કસમ! હું મારા કાકાને એકલા મૂકીને નહીં જાઉં."

ત્યારે અબજર ઈબ્ને કઅબ ઈમામ હુસૈન (અ.)ની તરફ ધસીને આવ્યો. તેના હાથમાં તલવાર ચમકી રહી હતી. અબ્દુલ્લાહ (અ.)એ કહ્યું, "લાનત થાય તારા ઉપર, અય નાપાક સ્ત્રીના દીકરા! તારી શું હિંમત કે તું મારા કાકાને કતલ કરે." અબજર કે જે ખયાનતના નશામાં ચૂર હતો તેણે હઝરત અબ્દુલ્લાહ (અ.) ઉપર તલવારનો ઘા કર્યો. અબ્દુલ્લાહ (અ.)એ પોતાના હાથથી તલવારને રોકવાનો પ્રયત્ન કર્યો. તલવારનો ઘા સખ્ત હતો અને તેણે બાળકના બન્ને હાથ કાપી નાખ્યા. અબ્દુલ્લાહ (અ.)એ ફરિયાદ કરી કે, "અય અમ્મા!" અબ્દુલ્લાહ (અ.)ને ઈમામ હુસૈન (અ.)એ પોતાના હાથોમાં લઈ લીધા અને છાતીએ લગાવી દીધા. આપ (અ.)એ અબ્દુલ્લાહ (અ.)ને કહ્યું કે, "મારા ભાઈના ફરઝંદ! સબ્ર કરો બેટા. હું તમને સારા સમાચાર સંભળાવું છું. અલ્લાહ ઘણી જલ્દી તમને તમારા બાપદાદાથી મળાવી દેશે." આટલું કહીને ઈમામ હુસૈન (અ.)એ પોતાના બન્ને હાથોને બુલંદ કર્યા અને ફરિયાદ કરી કે, "અય અલ્લાહ! તેં આ લોકો (જાલિમો)ના જીવનને થોડાક સમય માટે ખુશહાલ બનાવ્યું. અય અલ્લાહ! આ જાલિમોને વેરવિખેર કરી દે અને તેમનામાં ફૂટ નાખી દે. આ લોકોને ફિરકાઓમાં વહેંચી દે. તેમના હાકિમોનાં દિલોને બદગુમાનીમાં સપડાવી દે. અય અલ્લાહ! આ તે જ લોકો છે કે જેમણે અમને અહીં આવવાનું આમંત્રણ આપ્યું હતું અને અમને મદદ કરવાનો વાયદો કર્યો હતો, પરંતુ આ લોકોએ અમારાથી બળવો કર્યો અને અમને કતલ કરી રહ્યા છે.''

ઈબ્ને સઅદની પગપાળા ફોજે જમણી બાજુથી હુમલો કર્યો અને ડાબી બાજુથી પણ હુમલો કર્યો. તે સમયે ઈમામ (અ.)ની આસપાસ ત્રણથી ચાર સહાબીઓ હતા. ઈમામ હુસૈન (અ.)એ ઉમર સઅદના બદખયાલ જોયા, તો આપ (અ.)એ યમાની જામો મંગાવ્યો. તેને અમુક જગ્યાએથી ફાડી નાખ્યો અને પહેરી લીધો. આ ફાટેલા ઝભ્ભાને ઈમામ (અ.)એ એટલા માટે પહેર્યો હતો કે જેથી શહાદત પછી આપ (અ.)ની લાશ ઉપરથી કપડાંને માલે ગનીમત સમજીને લૂંટી લેવામાં ન આવે.

આ તે મુસીબતનો સમય હતો કે ઈમામ હુસૈન (અ.) ઘાના કારણે ચૂરચૂર થઈ ગયા હતા, અને આપ (અ.)ના કુટુંબના ત્રણ માણસો વધ્યા હતા

જે આપ (અ.)ને ઘેરીને રાખતા હતા. જ્યારે આપ (અ.) આગળ વધતા અથવા પાછળ ખસતા તો આ ત્રણેય માણસો આપ (અ.)ની સાથે પડછાયાની માફક રહેતા હતા, અને આપ (અ.)ની સુરક્ષા કરતા હતા. આપ (અ.)નું સર મુબારક પણ ઘા લાગવાથી ફાટી ગયું હતું અને શરીર પર અગણિત ઘા લાગેલા હતા. તે સમય સૌથી સખ્ત અને મુશ્કેલ હતો. જ્યારે ચારેય બાજુથી શામી અને કૂફી ફોજ હુમલો કરી રહી હતી, આપ (અ.)ના ત્રણેય સાથીઓ એક પછી એક શહીદ થઈ ગયા. હવે ઈમામ (અ.) એકલા પડી ગયા હતા. માથા અને શરીરના ઘાના કારણે આપ (અ.) ઘણા જ અશક્ત થઈ ગયા હતા. આપ (અ.)ના શરીરનું વધુ પડતું લોહી વહી ગયું હતું, પરંતુ જિહાદ માટેની હિંમત બાકી હતી. આપ (અ.) જાલિમોની જાળમાં ફસાઈને કેદી થવા માગતા ન હતા. આપ (અ.) સિંહની માફક એક દિવસના જીવનને વધુ પસંદ કરતા હતા. આપ (અ.) જખ્મી હાલતમાં પણ જાલિમોની ફોજ ઉપર સિંહની જેમ હુમલો કરી રહ્યા હતા. દુશ્મન ફોજ મશરૂમની માફક ફાટી રહી હતી. ફોજીઓ સુકાયેલાં પાંદડાંની માફક ઘોડા પરથી પડી રહ્યા હતા. ઉમર ઈબ્ને સઅદની ફોજમાં એવી નાસભાગ થઈ કે જેનું ઉદાહરણ મળતું નથી. મૈસરાના સિપાહીઓ મૈમનામાં હતા અને મૈમનાના સિપાહીઓ મૈસરામાં હતા.

હમીદ ઈબ્ને મુસ્લિમ કહે છે,

‘‘અલ્લાહની કસમ! મેં આ રીતની અડગતા અને સ્થિરતા ક્યારેય જોઈ નથી. જે વ્યક્તિના દીકરાઓને કતલ કરી દેવામાં આવ્યા હોય, જે વ્યક્તિના દોસ્તો અને સગાઓને શહીદ કરી દેવામાં આવ્યા હોય, તે વ્યક્તિ હજુ પણ આટલી બહાદુરીથી લડાઈ કરી રહ્યો છે. તે માણસ એકલો છે, જખમોથી ચૂરચૂર છે, તેમ છતાં તેઓ એવી જંગ લડી રહ્યા હતા કે દુશ્મની ફોજમાં નાસભાગ મચી ગઈ. ઈમામ (અ.) તીરો, તલવારો, નેઝાઓ અને પત્થરોના જખમ ખાઈ રહ્યા છે, પરંતુ આપ (અ.)ની અડગતા અને સ્થિરતામાં કોઈ ફેર આવતો નથી. આપ (અ.)ના હોશોહવાસમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી. જ્યારે ફોજીઓ તલવારોના વાર કરે છે તો આપ (અ.) પોતાની તલવારથી તેમને મુંહતોડ જવાબ આપે છે, અને તેઓ અસ્તવ્યસ્ત થઈ જાય છે, એવી રીતે કે જ્યારે સિંહ હુમલો કરે અને તેની બીકથી બકરીઓ આમતેમ ભાગે.”

આ નાજુક પરિસ્થિતિનું નિરીક્ષણ શિમ્ર ઈબ્ને ઝિલ જૌશન કરી રહ્યો હતો. તેણે ઘોડેસવારોની ટુકડી મંગાવી. ઘોડેસવારો આવીને પાયદળ ફોજીઓની નજીક ઊભા થઈ ગયા. પછી તેણે સરદારોને હુકમ કર્યો કે તેઓ ઈમામ (અ.)ને તેમનાં તીરોનું નિશાન બનાવે. હજારો તીર છોડવામાં આવ્યાં. સેંકડો તીર આપ (અ.)ના પવિત્ર શરીરને લાગ્યાં હતાં, જેવી રીતે કે શાહુડી ઉપર કાંટાનાં પીંછાં હોય છે.

આ તીરોના વરસાદમાં આપ (અ.) પાછા આવ્યા. શામી ફોજ પોતાની જગ્યાએ જામેલી હતી. ખૈમાની અંદરથી આ ભયાનક દૃશ્ય આપ (અ.)નાં બહેન બીબી ઝૈનબ (અ.) જોઈ રહ્યાં હતાં. આપ (અ.) ખૈમાના દરવાજા ઉપર આવ્યા અને ઉમર ઈબ્ને સઅદ ઈબ્ને અબી વક્કાસને સંબોધીને ફરમાવ્યું કે, “તારા પર લાનત થાય અને

બધા જ જાલિમો ઉપર! શું તમારામાં કોઈ પણ મુસલમાન નથી?" પરંતુ ફોજ તરફથી કોઈ જવાબ ન આવ્યો.

ત્યારે શિમ્ર ઈબ્ને ઝિલ જૌશન ગુસ્સે થઈને ઘોડેસવારો અને પગપાળા સૈનિકોને ધમકાવતાં બોલ્યો કે, "હવે, તમે લોકો કોની રાહ જોઈ રહ્યા છો? તે માણસ ઉપર દયા ન ખાઓ, જલ્દીથી તેનું કામ તમામ કરી દો. એવું ન બને કે તમારી માઓ તમારી લાશો ઉપર બેસે." આ હુકમ સાંભળતાં જ ચારેબાજુથી હુમલા કરવામાં આવ્યા.

ઝરઆ ઈબ્ને શરીકે આપ (અ.)ના જમણા હાથે ફટકો માર્યો, જે લોખંડને કાપીને હાથમાં ઘૂસી ગયો. કેટલીય બાજુથી આપ (અ.)ના હાથ ઉપર હુમલા કરવામાં આવ્યા. ઘા એટલા તીવ્ર હતા કે આપ (અ.) જમીન ઉપર પોતાને સંભાળી ન શક્યા અને જમીન ઉપર પડી ગયા. હજુ તો આપ (અ.) એ માથું ઊંચું કર્યું ન હતું કે સિનાન ઈબ્ને અનસ નખઈએ નેઝો માર્યો, જેના કારણે આપ (અ.)ની છાતી ચૂરચૂર થઈ ગઈ, અને જીવ બચી ન શક્યો, અને એ જ જગ્યાએ સૈયદુશ્શોહદા (અ.)ની રૂહ શરીરથી જુદી પડીને પોતાના આબા વ અજ્દાદને મળી ગઈ. ઈમામ (અ.)ની શહાદત પછી તરત જ ખૂલી ઈબ્ને યઝીદ અસ્બકી ઈમામ (અ.)ના પાકોપાકીઝા જસદની પાસે આવ્યો અને નમ્યો. તે ઈચ્છતો હતો કે ઈમામ (અ.)નું સર ધડથી જુદું કરે, પરંતુ તે બીકથી ધ્રૂજવા લાગ્યો. તેને ધ્રૂજતા જોઈ શિમ્ર બોલ્યો કે, "અલ્લાહ કરે કે તારા હાથ તૂટી જાય. તું શા માટે ધ્રૂજી રહ્યો છે?" આમ કહીને શિમ્ર બેસી ગયો, અને ઈમામ (અ.)ના સરને શરીરથી જુદું કરી દીધું. શિમ્રે ઈમામ (અ.)નું મુબારક સર હાથમાં લીધેલું હતું, પછી તેણે ખૂલીને બોલાવી ઈમામ (અ.)નું સર તેના હવાલે કરી દીધું, અને તેને હુકમ આપ્યો કે આ સર લઈ જઈને લશ્કરના સરદાર ઉમર ઈબ્ને સઅદને આપી દે. (ક્રમશ:)

*હઝરત ઈમામ હસન અસ્કરી (અ.)એ ફરમાવ્યું છે કે, "રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "તમારા પિતાઓમાં સર્વશ્રેષ્ઠ અને તમારા શુક્રનો સૌથી વધારે હક ધરાવનારા મોહંમદ (સ.) અને અલી (અ.) છે."" [1]*

*હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.) ફરમાવે છે કે, "મેં સાંભળ્યું કે રસૂલલ્લાહ (સ.) ફરમાવી રહ્યા હતા કે, "હું અને અલી આ ઉમ્મતના પિતા છીએ, અને અમારો હક આ ઉમ્મત ઉપર તેમનાં જન્મ આપનાર માબાપના હક કરતાં વધારે છે, કારણ કે જો તેઓ અમારી ઈતાઅત કરશે તો અમે તેમને દોઝખથી દૂર દારુલ કરાર (જન્નત) તરફ લઈ જઈશું, અને અમે તેમની બંદગીના કારણે સર્વશ્રેષ્ઠ આઝાદ બંદાઓમાં શામિલ કરી દઈશું."" [2]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૨૬૯

2 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૨૬૯

# CAREVA
THE CAR CARE

- અસગરઅલી એ. સુણસરા
( સેવાલણી )

**કારેવા** | ધી કાર કેર

## તમારી મનપસંદ બ્રાંડના
# ટાયરના ભાવ
### હવે આપ ઘરે બેઠા પણ મેળવી શકો છો.

BRIDGESTONE | MICHELIN | Continental (The Future in Motion) | apollo
YOKOHAMA | GOODYEAR | JK TYRE (TOTAL CONTROL) | MRF | CEAT

ટાયરની સાઈઝ અને ટાયરની બ્રાંડ
સાથે વોટ્સ એપ કરો અને ભાવ જાણો
99 0422 0422



## કમ્પ્યુંટરાઈઝેડ 3D
- વ્હીલ અલાઈમેન્ટ
- વ્હીલ બેલેન્સીંગ



*વ્હીલ અલાઈમેન્ટ અને વ્હીલ બેલેન્સીંગ નુ કામ સંતોષપૂર્વક કરી આપવામાં આવશે,
કામ સંતોષપૂર્વક ના હોય તો ગ્રાહકના પૈસા પાછા આપી દેવામાં આવશે.

વ્હીલ થ્રુ | નવા ટાયર | કાર વોશિંગ | નાઈટ્રોઝન હવા | એસેસરીઝ | ઓઇલ | બેટરી

**99 0422 0422**

કાકોશી ચાર રસ્તા, સર્વોદય સત ઇસબગુલ ફેક્ટરીની બાજુમાં,
અમદાવાદ-પાલનપુર નેશનલ હાઈવે ૪૧ , સિદ્ધપુર- ૩૮૪૧૫૧



# ઈબાદાત

## માહે ઝિલ્હજના આમાલ

(1) માહે ઝિલ્હજના એકથી નવ દિવસ રોઝા રાખવા, જે એવું છે કે જાણે આખી જિંદગી સુધી રોઝા રાખ્યા હોય.

(2) આ નવ દિવસોમાં મગરિબ અને ઈશાની નમાઝ વચ્ચે બે રકાત નમાઝ પઢવાની હોય છે, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા તૌહીદ અને આ આયત પઢવામાં આવે છે:

وَ وٰعَدْنَا مُوْسٰى ثَلٰثِيْنَ لَيْلَةً وَّ اَتْمَمْنٰهَا بِعَشْرٍ فَتَمَّ مِيْقَاتُ رَبِّهٖۤ اَرْبَعِيْنَ لَيْلَةً ۚ وَ قَالَ مُوْسٰى لِاَخِيْهِ هٰرُوْنَ اخْلُفْنِيْ فِيْ قَوْمِيْ وَ اَصْلِحْ وَ لَا تَتَّبِعْ سَبِيْلَ الْمُفْسِدِيْنَ ﴿۱۴۲﴾

(3) આ નવ દિવસોમાં એ પાંચ દુઆઓ પઢવાની હોય છે કે જે જિબ્રઈલ (અ.) અલ્લાહ તરફથી હઝરત ઈસા (અ.) માટે હદિયા તરીકે લાવ્યા હતા, જે નીચે મુજબ છે:

(1) اَشْهَدُ اَنْ لَّاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(2) اَشْهَدُ اَنْ لَّاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، اَحَدًا صَمَدًا لَمْ يَتَّخِذْ صَاحِبَةً وَّلَا وَلَدًا

(3) اَشْهَدُ اَنْ لَّاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، اَحَدًا صَمَدًا لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ

(4) اَشْهَدُ اَنْ لَّاۤ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ، بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

(5) حَسْبِيَ اللّٰهُ وَكَفٰى سَمِعَ اللّٰهُ لِمَنْ دَعَا، لَيْسَ وَرَآءَ اللّٰهِ مُنْتَهٰى، اَشْهَدُ لِلّٰهِ بِمَا دَعَا وَاَنَّهٗ بَرِيْٓءٌ مِّمَّنْ تَبَرَّءَ وَاَنَّ لِلّٰهِ الْاٰخِرَةَ وَالْاُوْلٰى

**માહે ઝિલ્હજના પહેલા દિવસના આમાલ:**

(1) આ દિવસે રોઝો રાખવાનો હોય છે કે જેનો સવાબ ૮૦ મહીનાઓના રોઝા રાખવા બરાબર છે.

(2) નમાઝે ફાતેમા ઝહરા (અ.) પઢવાની હોય છે કે જે બે-બે રકાતની નિય્યતથી ચાર રકાત છે, જેની દરેક રકાતમાં સૂરા હમ્દ પછી ૫૦ વખત સૂરા તૌહીદ અને તસ્બીહે જનાબે ફાતેમા (અ.) પઢ્યા પછી નીચેની દુઆ પઢવાની હોય છે.

سُبْحَانَ ذِی الْعِزِّ الشَّامِخِ الْمُنِيْفِ، سُبْحَانَ ذِی الْجَلَالِ الْبَاذِخِ الْعَظِيْمِ، سُبْحَانَ ذِی الْمُلْكِ الْفَاخِرِ

الْقَدِيْمِ، سُبْحَانَ مَنْ يَرٰى اَثَرَ النَّمْلَةِ فِى الصَّفَا، سُبْحَانَ مَنْ يَرٰى وَقْعَ الطَّيْرِ فِى الْهَوَآءِ، سُبْحَانَ مَنْ هُوَ هٰكَذَا وَلَا هٰكَذَا غَيْرُهٗ

(3) ઝવાલના અડધા કલાક પહેલાં બે રકાત નમાઝ પઢવાની કે જેની બન્ને રકાતમાં સૂરા હમ્દ પછી દસ વખત સૂરા તૌહીદ, દસ વખત આયતુલ કુરસી અને દસ વખત સૂરા કદ્ર પઢવાનો હોય છે.

(4) જે માણસ કોઈ જાલિમથી ડરી ગયો હોય તેણે આ દિવસે નીચે મુજબ પઢવું જોઈએ કે જેથી અલ્લાહ તેને જાલિમની બુરાઈથી સુરક્ષિત રાખે.

حَسْبِیْ حَسْبِیْ مِنْ سُؤَالِیْ عِلْمُكَ بِحَالِیْ

**નવમી માહે ઝિલ્હજ (અરફાના દિવસ)ના આમાલ:**

(1) ગુસ્લ.

(2) ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત.

(3) નમાઝે અસ્ર પછી ખુલ્લા આસમાનની નીચે બે રકાત નમાઝ પઢવાની અને અરફાની દુઆ પઢવાની કે જેનાથી અરફાતમાં હાજર રહેવાનો સવાબ મળે.

ઝવાલના સમયે આસમાનની નીચે ઝોહર અને અસ્રની નમાઝ એકાગ્રતાથી પઢવાની હોય છે, ત્યાર પછી બે રકાત નમાઝ કે જેની પહેલી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા તૌહીદ, અને બીજી રકાતમાં સૂરા હમ્દ પછી સૂરા કાફેરૂન પઢવામાં આવે છે. ત્યાર પછી ચાર રકાત નમાઝ કે જેની દરેક રકાતમાં ૫૦ વખત સૂરા તૌહીદ અને નમાઝ પછી આ મુજબ દસ તસ્બીહ પઢવાની હોય છે:

١- سُبْحَانَ الَّذِیْ فِی السَّمَآءِ عَرْشُهٗ

٢- سُبْحَانَ الَّذِیْ فِی الْاَرْضِ حُكْمُهٗ

٣- سُبْحَانَ الَّذِیْ فِی الْقُبُوْرِ قَضَآؤُهٗ

٤- سُبْحَانَ الَّذِیْ فِی الْبَحْرِ سَبِیْلُهٗ

٥- سُبْحَانَ الَّذِیْ فِی النَّارِ سُلْطَانُهٗ

٦- سُبْحَانَ الَّذِیْ فِی الْجَنَّةِ رَحْمَتُهٗ

٧- سُبْحَانَ الَّذِیْ فِی الْقِیَامَةِ عَدْلُهٗ

٨- سُبْحَانَ الَّذِیْ رَفَعَ السَّمَآءَ

٩- سُبْحَانَ الَّذِیْ بَسَطَ الْاَرْضَ

١٠- سُبْحَانَ الَّذِیْ لَا مَلْجَاَ وَلَا مَنْجَا مِنْهُ اِلَّآ اِلَیْهِ

પછી એકસો વખત આ મુજબ ઝિક્ર:

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

અને સૂરા તૌહીદ અને આયતુલ કુરસી અને દુરૂદ શરીફનો ઝિક્ર એકસો એકસો વખત:

પછી દસ વખત આ મુજબ ઝિક્ર:

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ وَيُمِيْتُ وَيُمِيْتُ وَيُحْيِيْ وَهُوَ حَيٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

પછી દસ વખત આ ઝિક્ર:

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِيْ لَآ اِلٰهَ اِلَّا هُوَ الْحَيُّ الْقَيُّوْمُ وَاَتُوْبُ اِلَيْهِ

પછી દસ વખત આ ઝિક્ર:

يَآ اَللّٰهُ يَا رَحْمٰنُ يَا رَحِيْمُ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا بَدِيْعَ السَّمَاوَاتِ وَالْاَرْضِ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا حَيُّ يَا قَيُّوْمُ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا حَنَّانُ يَا مَنَّانُ

પછી દસ વખત આ ઝિક્ર:

يَا لَآ اِلٰهَ اِلَّآ اَنْتَ

પછી દસ વખત આ ઝિક્ર:

اٰمِيْنَ

પછી એક વખત આ ઝિક્ર:

اَللّٰهُمَّ اِنِّيْٓ اَسْاَلُكَ يَا مَنْ هُوَ اَقْرَبُ اِلَيَّ مِنْ حَبْلِ الْوَرِيْدِ يَا مَنْ يَّحُوْلُ بَيْنَ الْمَرْءِ وَقَلْبِهٖ يَا مَنْ هُوَ بِالْمَنْظَرِ الْاَعْلٰى وَبِالْاُفُقِ الْمُبِيْنِ يَا مَنْ هُوَ الرَّحْمٰنُ عَلَى الْعَرْشِ اسْتَوٰى يَا مَنْ لَّيْسَ كَمِثْلِهٖ شَيْءٌ وَّهُوَ السَّمِيْعُ الْبَصِيْرُ اَسْاَلُكَ اَنْ تُصَلِّيَ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِ مُحَمَّدٍ

ત્યાર પછી પોતાની હાજત હોય તે અલ્લાહ આગળ રજૂ કરવી ઈન્શાઅલ્લાહ તેની હાજતો પૂરી થશે.

**માહે ઝિલ્હજની દસમી તારીખની રાત:**

આ ખૂબ જ અઝમતવાળી રાત છે અને આ એ રાતોમાંથી છે કે જેમાં જાગવું મુસ્તહબ છે. આ રાત્રે આસમાનના દરવાજા ખૂલી જાય છે, આ રાતમાં હઝરત ઈમામ હુસૈન (અ.)ની ઝિયારત પઢવી મુસ્તહબ છે, અને ત્યાર પછી આ મુજબ દુઆ પઢે:

يَا دَآئِمَ الْفَضْلِ عَلَى الْبَرِيَّةِ يَا بَاسِطَ الْيَدَيْنِ بِالْعَطِيَّةِ يَا صَاحِبَ الْمَوَاهِبِ السَّنِيَّةِ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّآلِهٖ خَيْرِ الْوَرٰى سَجِيَّةً وَاغْفِرْ لَنَا يَا ذَا الْعُلٰى فِىْ هٰذِهِ الْعَشِيَّةِ

**માહે ઝિલ્હજની દસમી તારીખ (ઈદુલ અઝહાના)ના આમાલ:**

(1) ગુસ્લ (2) નમાઝે ઈદ (3) નમાઝે ઈદ પછી સહીફે કામેલાની દુઆ નંબર - ૪૮ અને ૪૯.

(4) દુઆએ નુદબા (5) કુરબાની કરવી સુન્નતે મોઅક્કેદા છે.

(6) તકબીરો પઢવી. (જે માણસ મિનામાં હોય તેણે દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી તેરમી ઝિલ્હજની ફજ્ર નમાઝ સુધી પંદર નમાઝો પછી તકબીરો પઢવાની હોય છે, અને જે મિના સિવાય બીજા શહેરોમાં હોય તે લોકોએ દસમી ઝિલ્હજની ઝોહરની નમાઝથી બારમી ઝિલ્હજની ફજ્રની નમાઝ સુધી દસ નમાઝો પછી તકબીરો પઢવાની હોય છે, જે આ મુજબ છે.)

اَللّٰهُ اَكْبَرُ اَللّٰهُ اَكْبَرُ لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ، اَللّٰهُ اَكْبَرُ وَلِلّٰهِ الْحَمْدُ، اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا هَدَانَا، اَللّٰهُ اَكْبَرُ عَلٰى مَا رَزَقَنَا مِنْ بَهِيْمَةِ الْاَنْعَامِ وَالْحَمْدُ لِلّٰهِ عَلٰى مَآ اَبْلَانَا


**ગેસના ભાવ વધારાથી હવે મેળવો છૂટકારો**
**લઈ આવો નવા જમાનાની ઈલેક્ટ્રીક સગડી**

- અલગથી કોઇ વાસણ લેવાની જરૂર નથી.
- ઘરનાં બધાં વાસણ ઉપયોગમાં લેવાશે.
- ૨ કલાકના વપરાશમાં ૧ યુનિટ ખર્ચ.
- દાળ, ભાત, રોટલી, શાક, આરામથી બનાવી શકાય.
- એલ્યુમિનિયમ પ્લેટ ઉપર સીધી રોટલી બનાવી શકાય.
- પાવડર કોટેડ બોડી
- વજનમાં હલકી
- ૧ વર્ષની વોરંટી

COOKWELL





૨ તપેલી મફત

**પ્રકાશ ઈલેક્ટ્રીક** : ખેડતસીયા રોડ, મહાવીરનગર, હિંમતનગર. (સા.કાં.)

**M.: 94282 20934, 94092 33440**

હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.)ની કિતાબ
'રિસાલા હુકૂક'ની શર્હ

# આઈનાએ હુકૂક

સંપાદક: જનાબ કુદ્રતુલ્લાહ મશાયખી સાહેબ

# જ્ઞાનગોષ્ઠિ

સંપાદક: મોમિનરત્ન

## સાથીદારનો હક

(ગતાંકનું ચાલુ)

**બેવકૂફ દોસ્તની પૈરવી કરવાનું પરિણામ:**

એક માણસે એવું મહેસૂસ કર્યું કે તેણે ઘરમાં પાણી, વગેરે માટે એક કૂવો ખોદવો જોઈએ. તેણે એક કૂવો ખોદવાવાળાને બોલાવ્યો અને તેને કહ્યું, "મારા ઘરમાં એક કૂવો ખોદો. કૂવો ખોદવાના પરિણામે જે માટી નીકળી, તેનો ઘરમાં ઢગલો થઈ ગયો. તેની સમજમાં આવતું ન હતું કે તેનું શું કરે. તેનો એક મૂર્ખ મિત્ર હતો, તે તેની પાસે ગયો અને તેની સાથે મશ્વેરો કર્યો. દોસ્તે કહ્યું કે કૂવો ખોદનારાને કહો કે તે ચોગાનની બીજી તરફ એક બીજો કૂવો બનાવે અને તે માટીને તે કૂવામાં નાખી દે. તેણે પોતાના દોસ્તની વાત પર અમલ કર્યો. કૂવો ખોદાવ્યો અને પહેલા કૂવાની માટી તે કૂવામાં નાખી દીધી, પરંતુ હવે બીજા કૂવાની માટીનું શું કરવું? ફરીથી તેના દોસ્તની પાસે ગયો, અને પરિસ્થિતિ બતાવી. તેણે કહ્યું, "આ કૂવાની માટી પહેલા કૂવામાં નાખી દો. એમાં પરેશાનીની શું બાબત છે?"

**નાદાન સાથે મશ્વેરો:**

એક ગાયે કંઈક ખાવા માટે અમુક પાણી ભરવાના વાસણમાં માથું નાખ્યું. બનવાકાળ તેમાં તેનું માથું ફસાઈ ગયું કે જેથી માલિકે માથું કાઢવા માટે ખૂબ લાંબા સમય સુધી વિચાર કર્યો, પરંતુ તેની અક્કલે કામ ન કર્યું. મજબૂરીપૂર્વક તે એક માણસ પાસે ગયો અને તેને પરિસ્થિતિ બતાવી. તેણે કહ્યું કે જ્યાં સુધી હું જાતે જોઈ ન લઉં, ત્યાં સુધી તમારી મુશ્કેલીને હલ નહીં કરી શકું. તે તેને પોતાના ઘેર લાવ્યો. તેને પરિસ્થિતિ જોઈને જ ફેંસલો સંભળાવી દીધો કે ગાયનું માથું કાપી નાખો. ગાયનું માથું કાપી નાખવામાં આવ્યું, પરંતુ હજુ પણ માથું બહાર ન નીકળ્યું. તેણે કહ્યું હવે તે વાસણને તોડી નાખો અને ગાયનું માથું બહાર કાઢી લો. તે બેવકૂફના મશ્વેરાથી ગાય પણ હાથથી ગઈ અને વાસણ પણ તૂટી ગયું. આ છે બેવકૂફની વાતને માનવાનું પરિણામ!

(કશ્કૂલ તબસી, જિલ્દ–૧, સફહા–૧૭૬)

હઝરત સુલયમાન (અ.)થી રિવાયત છે કે આપ (અ.)એ ફરમાવ્યું,

"કોઈ વ્યક્તિની બાબતમાં ત્યાં સુધી ફેંસલો ન કરો, જ્યાં સુધી કે તેના દોસ્તને ન જોઈ લો, કેમ કે

દરેક શખ્સ પોતાના દોસ્તો, સાથીઓ અને રફીકોથી ઓળખાય છે."

હઝરત ઈમામ અલી (અ.) ફરમાવે છે કે,

"એ શખ્સની મિત્રતા અને સોહબતમાં કોઈ ભલાઈ નથી કે જેમાં નીચે મુજબની છ સિફતો હોય:

(૧) જો તે તમારી સાથે કોઈ વાત કહેતો હોય તો જુઠ્ઠું બોલતો હોય.

(૨) જો તમે તેની સાથે કોઈ વાત કરતા હોય તો તમને જુઠલાવતો હોય.

(૩) જો તમે તેને અમાનતદાર સમજશો તો તે ખયાનત કરે.

(૪) જો તે તમારી પાસે કોઈ અમાનત રાખશે, તો તે તમને ખયાનતકાર સમજે.

(૫) જો તમે કોઈ વસ્તુ આપશો, તો શુક્રિયા અદા નહીં કરે, નાશુક્રી કરશે.

(૬) જો તમને કંઈક આપશે તો, એહસાન બતાવશે."

**આવા લોકોની સોહબત ન કરો.**

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) ફરમાવે છે: "મને મારા વાલિદે વસિયત કરી અને ફરમાવ્યું, "બેટા! પાંચ પ્રકારના લોકોની સોહબત ધારણ ન કરતા, ન તો તેમની સાથે કોઈ વાત કરજો અને ન રસ્તામાં એમની સાથે ચાલજો." મેં અરજ કરી, "એ કયા લોકો છે?" ફરમાવ્યું, "ફાસિક અને બદકારની સોહબતમાં ન રહેવું કે તેઓ તમને પેટ ભરીને ખાવાના બદલામાં વેચી મારશે, અથવા તેનાથી પણ ઓછામાં. મેં અરજ કરી, "એનાથી ઓછું શું છે?" ફરમાવ્યું, "એક કોળિયાના બદલામાં વેચી દેશે, પરંતુ તેમની ઉમેદ પૂરી નહીં થાય." મેં અરજ કરી, "બીજા કયા લોકો છે?" ફરમાવ્યું, "બખીલ અને કંજૂસની સાથે ન રહેવું, કેમ કે જ્યારે તમારે અત્યંત જરૂરિયાત હશે, તો તે પોતાના માલમાંથી કંઈ પણ આપશે નહીં." મેં કહ્યું, "ત્રીજા કોણ છે?" તો ફરમાવ્યું, "ખૂબ નાના લોકોની સાથે ન રહેવું, કેમ કે તેમની મિસાલ શરાબ જેવી છે. તેઓ તમને રાહે હિદાયતથી કે જે નજીક છે, દૂર કરી દેશે, અને નાફરમાનીના રસ્તાથી તમને નજીક કરી દેશે, જો કે તે દૂર છે." મેં અરજ કરી, "ચોથા પ્રકારના લોકો કોણ છે?" ફરમાવ્યું, "નાદાન અને કમઅક્કલ લોકોની સોહબત ઈખ્તિયાર ન કરવી, કેમ કે તે તમને ફાયદો પહોંચાડવાની ચિંતામાં નુકસાન પહોંચાડી દેશે." મેં કહ્યું, "પાંચમો તબક્કો કોણ છે?" ફરમાવ્યું, "જે લોકો કત્અે રહમ કરે છે, તેમની હમનશીની ઈખ્તિયાર ન કરવી, કેમ કે મેં જોયું છે કે કુરઆનમાં તેમને ત્રણ જગ્યાએ મલઊન ગણવામાં આવ્યા છે."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ આ હદીસમાં ફાસિક અને બદકાર લોકોનો સાથ અને સોહબત કરવાની મનાઈ કરી છે. ફાસિકનો અર્થ લુગાતમાં હદથી આગળ વધી જનારા છે. ફિસ્ક મસ્દર છે, એટલે કે અલ્લાહના હુકમ પર અમલ ન કરવો, જુલ્મ અને બળજબરીથી કામ લેવું, બંદાનું નાફરમાન હોવું, અય્યાશી કરવી.

ફાસિક અને બદકાર માણસ અલ્લાહની હદોમાંથી નીકળી જાય છે અને તે અલ્લાહે હરામ કરેલી બાબતોની પરવા નથી કરતો, એટલા માટે દોસ્તની પણ તેની નજરમાં કોઈ એહમિયત નથી.

બીજો તબક્કો કંજૂસ અને બખીલ લોકોનો છે. બુખ્લનો અર્થ લુગાતમાં ખસ્ત, કમખર્ચ, લોભી, માલનો લાલચુ અને નીચ છે. કઝ્ઝાબ મુબાલગાનો શીગો છે એટલે કે ખૂબ જુઠ્ઠું બોલનારો.

(ફરહંગ બુઝુર્ગ જામેઅ નવીન (ફિસ્ક, બુખ્લ))

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન (અ.) ફરમાવે છે, "કત્એ રહમી કરવાવાળા પર કુરઆનમાં ત્રણ જગ્યાએ લાનત થઈ છે, એ ત્રણ જગ્યાઓ આ પ્રમાણે છે:

فَهَلْ عَسَيْتُمْ إِنْ تَوَلَّيْتُمْ أَنْ تُفْسِدُوا فِي الْأَرْضِ وَ
تُقَطِّعُوٓا أَرْحَامَكُمْ ﴿٢٢﴾ أُولَٰٓئِكَ الَّذِينَ لَعَنَهُمُ اللَّهُ
فَأَصَمَّهُمْ وَأَعْمَىٰٓ أَبْصَارَهُمْ ﴿٢٣﴾

*(શું એ સંભવ નથી કે જો તમે મોઢું ફેરવી લો, અથવા હાકિમ બની જાઓ, તો જમીનમાં ફસાદ કરો અથવા કત્એ રહમી કરો? આ એ જ લોકો છે કે જેમના પર અલ્લાહે લાનત કરી છે, અને પછી તેમને બહેરા કરી દીધો છે અને તેમની આંખોને આંધળી બનાવી દીધી છે.)"*

(સૂરા મોહંમદ, આયત– ૨૨ અને ૨૩)

આ આયતો મુનાફિકો વિષે છે. ખુદાવંદે આલમ ફરમાવે છે: "જો તમે વિરોધ કરશો, અને અલ્લાહના હુકમ અને તેની કિતાબ પ્રમાણે અમલ નહીં કરો, તો જમીન પર ફસાદ કરશો, અને કત્એ રહમી કરશો." આ તરજૂમો એ પરિસ્થિતિમાં યોગ્ય છે કે જ્યારે આયતમાં રહેલ શબ્દ ''તવલ્લૈતુમ''ને ''તવલ્લા'નો ભાવાર્થ આપવામાં આવે, કે જેનો અર્થ થાય છે પાછલા પગે ફરી જવું.

પરંતુ, જો આપણે તેનો ભાવાર્થ હુકૂમત લઈએ, જેમ કે ઘણા મુફસ્સિરોએ લખ્યું છે, તો આ તરજુમો થશે. જો હુકૂમતની લગામ તમારા હાથમાં આવી જાય તો તમે તબાહી, ખૂનરેઝી અને કત્એ રહમી જ કરશો.

وَالَّذِينَ يَنْقُضُونَ عَهْدَ اللَّهِ مِنْ بَعْدِ مِيثَاقِهِ وَ
يَقْطَعُونَ مَآ أَمَرَ اللَّهُ بِهِ أَنْ يُوصَلَ وَيُفْسِدُونَ فِي الْأَرْضِ
أُولَٰٓئِكَ لَهُمُ اللَّعْنَةُ وَلَهُمْ سُوٓءُ الدَّارِ ﴿٢٥﴾

*(અને જે લોકો અલ્લાહના અહદને મજબૂત કર્યા પછી તોડી નાખે છે અને જે ચીજને મિલાવવાનો હુકમ આપ્યો છે, તેને તોડી નાખે છે, અને જમીનમાં ફસાદ કરે છે, લાનત એમના માટે છે અને તેમના માટે ખૂબ ખરાબ ઠેકાણું છે.)*

(સૂરા રઅદ, આયત–૨૫)

(ક્રમશ:)




₹ 1,20,000 /-
Iran Iraq By Bus
an najm TOUR
UMRAH - ZIYARAT - HAJJ
બુકિંગ ચાલુ થઈ ગઈ છે.
મોહર્રમ (આશુરા),
2023 કરબલા માં
ઝિયારત
ઈરાક & ઈરાન
સફર માટેના જરૂરી ડોક્યુમેન્ટ
પાસપોર્ટ + પેન કાર્ડ
લેટેસ્ટ ફોટો (4 કોપી વિથ સફેદ બેગ્રાઉન્ડ )
2 ડોસ વેકસીન સર્ટીફીકેટ
RT-PCR રીપોર્ટ ( રવાનગીના 48 કલાકની અંદરનો)
50% પેમેન્ટ ચેકથી કરવાનું રહેશે.
પેકેજમાં શામિલ સુવિધાઓ
હોટેલ
એર ટિકીટ
ફુડ
વિઝા
અતરાફ ઝિયારત
Contact No. :
Manjur Husein Bhura (Kakoshi)
(+91 98333 25099)
Hasan Abbas Haji (Meta)
(+91 99200 18328)

# ઈલ્મ પ્રાપ્ત કરવા વિષે

કિતાબ: ઇસ્લામ દીને માશેરત અનુવાદ: કાસિમભાઈ વિજાપુરા

કોઈ પણ કોમના જીવતા રહેવાની પ્રથમ શર્ત ઈલ્મ અને બુદ્ધિ છે. ઈલ્મ અને સંસ્કારની દૃષ્ટિએ વિકાસશીલ કોમને 'જીવંત કોમ' એવું નામ આપવામાં આવ્યું છે, અને કેટલીક વાર તેના મુકાબલામાં કેટલીક કોમોને 'મરેલી કોમ' કહેવામાં આવે છે. આ પ્રકારની બાબતો ઈસ્લામના પેશવાઓના મુખેથી સાંભળવા મળે છે.

રસૂલે અકરમ (સ.) ફરમાવે છે કે,

"એ સ્થિતિમાં કે જ્યારે તેમનું પરિણામ અલ્લાહ અને તેના હુકમો હોય, ઈલ્મની વાતો મરેલાં દિલોને જીવતાં કરી દે છે."

(ઉસૂલે કાફી, સફહા–૨૦)

રસૂલે અકરમ (સ.) ફરમાવે છે કે,

"જે વ્યક્તિનું એવી હાલતમાં મૃત્યુ થાય કે તે એવું ઈલ્મ પ્રાપ્ત કરવામાં રોકાયેલો હોય કે જેથી તેના દ્વારા તે મુસલમાનોને જીવંત કરી દે, તો જન્નતમાં તેના અને નબીઓ વચ્ચે માત્ર એક જ દરજ્જાનો તફાવત હશે."

(મુન્યતુલ મુરીદ, સફહા–૯)

આ બાબતમાં ઈસ્લામે લોકોને ઈલ્મ પ્રાપ્ત કરવાનું ખૂબ જ પ્રોત્સાહન આપ્યું છે, બલ્કે તેને પ્રાપ્ત કરવાનું વાજિબ ગણ્યું છે.

રસૂલે અકરમ (સ.) ફરમાવે છે કે,

"ઈલ્મ મેળવવાની ઈચ્છા ધરાવનાર લોકોને અલ્લાહ દોસ્ત રાખે છે."

(ઉસૂલે કાફી, સફહા–૧૫)

"ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન માટે વાજિબ છે, ઈલ્મને તેની જગ્યાએથી જ પ્રાપ્ત કરો, અને તેની યોગ્યતા ધરાવનાર પાસેથી શીખો, કેમ કે અલ્લાહ ખાતર ઈલ્મ શીખવું ખૂબી છે, અને ઈલ્મની ઈચ્છા કરવી ઈબાદત, તેના સંદર્ભમાં ચર્ચા કરવી તસ્બીહ, તેના પર અમલ કરવો અલ્લાહની રાહમાં જિહાદ, અને ઈલ્મ કોઈ અભણ માણસને શીખવવું સદકો છે. બુદ્ધિશાળી લોકો પર છૂટથી ઈલ્મ વાપરવું અલ્લાહની નિકટતા છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૧, સફહા–૫૫)

"જે માણસને ઈલ્મની ઈચ્છા હોય તે એના જેવો છે કે જે દિવસે રોઝા રાખતો હોય અને રાત્રે ઈબાદતમાં તલ્લીન રહેતો હોય. માણસ માટે ઈલ્મનું એક પ્રકરણ શીખવું તેની પાસે અબૂ કબીસ જેવડા પહાડ જેટલું સોનું હોય, અને તે અલ્લાહના માર્ગમાં ખર્ચી નાખે એના કરતાં શ્રેષ્ઠ છે."

(મુન્યતુલ મુરીદ, સફહા–૯)

કુરઆને મજીદમાં ફરમાવ્યું છે કે,

"જે વ્યક્તિને હિકમત અને ડહાપણ આપવામાં આવે તેને ઘણીબધી નેકીઓ આપવામાં આવે છે." (સૂરા બકરા, આયત–૨૬૯)

હઝરત ઈમામ સજ્જાદ (અ.) ફરમાવે છે કે,

"ઈલ્મ પ્રાપ્ત કરવામાં જે ફાયદા છે તે કદાચ લોકો જાણતા હોત તો ઈલ્મ શીખત, ભલે ને તેના

માટે તેમને પોતાના શરીરનાં રક્તબિંદુઓ વહાવવાં પડે, અને ઊંડા સમુદ્રની નીચે જવું પડે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૧, સફ્હા–૧૧)

ઈસ્લામ ઈલ્મ પ્રાપ્ત કરવાને એટલું બધું મહત્ત્વ આપે છે કે તે ઈલ્મના માર્ગને જન્નતનો માર્ગ ગણે છે.

હઝરત રસૂલે અકરમ (સ.) ફરમાવે છે કે,

"જે માણસ જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરવાના માર્ગમાં ડગ માંડે છે, તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતનો માર્ગ ખોલી દે છે."

(મુન્યતુલ મુરીદ, સફ્હા–૧૧)

ઈસ્લામ ઈલ્મને સર્વશ્રેષ્ઠ વારસાઓમાં ગણે છે કે જે માણસ દ્વારા બાકી રહે છે.

હઝરત રસૂલે અકરમ (સ.) ફરમાવે છે કે,

"માણસ પોતાની પાછળ જે શ્રેષ્ઠ યાદ અને વારસો છોડી જાય છે તે છે: સદાચારી પુત્રો, સારી ઈમારતો કે ખંડેરો, અને એ ઈલ્મ તેમ જ વિદ્યા છે કે જેના પર લોકો તેના (મૃત્યુ) પછી અમલ કરે."

(મુન્યતુલ મુરીદ, સફ્હા–૧૧)

ઈસ્લામ, ઈલ્મ તેમ જ વિદ્યાને દોઝખની આગથી મુક્તિનું માધ્યમ ગણે છે. નિ:શંકપણે કોઈ હકીકી વિદ્યાવાન (માણસ) નાફરમાન, ગુમરાહ, અપવિત્ર અને દોઝખી કદાપિ નથી થઈ શકતો, અને ઈલ્મ તેને જન્નત અને સૌભાગ્યની તરફ લઈ જાય છે.

હઝરત રસૂલે અકરમ (સ.)નો ઈર્શાદ છે કે,

"જે વ્યક્તિ એ લોકોને જોવાની ઈચ્છા કરે કે જેઓ આગથી મુક્ત હોય, તો તેણે ઈલ્મ શોધનારાઓ તરફ જોવું જોઈએ."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૧, સફ્હા–૫૮)

ઈસ્લામે ઈલ્મ અને વિદ્યા મેળવવાની બાબતમાં કોઈ પણ હદ મુકર્રર કરી નથી.

પયગમ્બરે ઈસ્લામ (સ.) ફરમાવે છે કે,

"ઈલ્મ શીખો, ભલે ને (તમે) ચીન (દેશ)માં હો." (સ્થળની બાબતમાં કોઈ મર્યાદા નથી.)

(બિહારુલ અન્વાર, જિલ્દ–૧, સફ્હા–૫૭)

ઈસ્લામે ઈલ્મ મેળવવાની બાબતમાં દરેક કાર્ય અને દરેક પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારની શરમ કે સંકોચને રદ કરેલ છે.

હઝરત ઈમામ અલી મુર્તઝા (અ.) ફરમાવે છે કે,

"જે કંઈ તમે નથી જાણતા તે શીખવામાં શરમ ન રાખો."

(નહ્જુલ બલાગા, સફ્હા–૧૧૧૩)



# હઝરત મૂસા (અ.) અને તૂર પર્વતનો કિસ્સો

રાવી કહે છે કે હું મામૂનના દરબારમાં હાજર હતો અને મામૂનની પાસે હઝરત ઈમામ અલી ઈબ્ને મૂસા રઝા (અ.) પણ હતા. તો આપ (અ.)ને મામૂને કહ્યું, “અય રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદ! શું આપ એમ નથી ફરમાવતા કે અંબિયા માઅસૂમ છે?” તો ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, “હા, જરૂર.” તો મામૂને ઈમામ (અ.)ને કુરઆનની અમુક આયતો વિષે પૂછ્યું તે બધા સવાલોમાંથી એક સવાલ એ હતો કે મામૂને ઈમામ (અ.)ને પૂછ્યું કે, “અલ્લાહ અઝઝ વ જલ્લના આ કોલનો શું અર્થ થાય:

وَلَمَّا جَآءَ مُوْسٰى لِمِيْقَاتِنَا وَكَلَّمَهٗ رَبُّهٗ ۙ قَالَ رَبِّ اَرِنِيْٓ اَنْظُرْ اِلَيْكَ ؕ قَالَ لَنْ تَرٰىنِيْ...[1]

(અને જ્યારે મૂસા (અ.) અમારી મીકાત પર પહોંચ્યા, અને આપ (અ.)ની સાથે આપ (અ.)ના રબે કલામ કર્યો, તો આપ (અ.)એ ફરમાવ્યું કે, “મારા રબ! તું મને દેખાડ કે હું તને જોઉં.” તો અલ્લાહે ફરમાવ્યું કે, “આપ મને નહીં જ જોઈ શકો.”)? આવું કઈ રીતે બને કે કલીમુલ્લાહ, મૂસા ઈબ્ને ઈમરાન (અ.), ન જાણતા હોય કે અલ્લાહને — કે જેનો ઝિક્ર બુલંદ છે — જોવું જાઇઝ નથી અને એટલે સુધી કે અલ્લાહ પાસે આવી માંગણી પણ કરી લે?” તો ઈમામ રઝા (અ.)એ જવાબ આપ્યો કે, “બેશક, કલીમુલ્લાહ, મૂસા ઈબ્ને ઈમરાન (અ.), જાણતા જ હતા કે અલ્લાહ એ વાતથી બુલંદતર છે કે આંખો તેને જુએ, પરંતુ આપ (અ.)ની સાથે જ્યારે અલ્લાહ અઝઝ વ જલ્લે કલામ કર્યો, અને આપ (અ.)ને અલ્લાહે મુનાજાત માટે પોતાની નજીક કરી લીધા, તો મૂસા (અ.) પોતાની કોમ તરફ પાછા ફર્યા અને કોમને જણાવ્યું કે અલ્લાહે તેમની સાથે કલામ પણ કર્યો અને તેમને નજીક પણ કર્યા અને તેમની સાથે મુનાજાત પણ કરી. ત્યારે કોમે કહ્યું કે, “અમે ઈમાન નહીં લાવીએ એટલે સુધી કે અમે પણ તેનો કલામ એવી રીતે ન સાંભળી લઈએ કે જેવી રીતે આપે સાંભળ્યું છે — અને આ કોમ સાત લાખની હતી. તે પછી મૂસા (અ.)એ તેમનામાંથી સિત્તેર હજાર લોકોને પસંદ કરી લીધા. તેમનામાંથી સાત હજાર લોકોને પસંદ કર્યા, તેમનામાંથી સાતસો લોકોને પસંદ કર્યા અને તેમનામાંથી સિત્તેર લોકોને પોતાના રબની મીકાત માટે પસંદ કરી લીધા. તે પછી આપ (અ.) એમની સાથે તૂરે સીના તરફ આગળ વધ્યા. આપ (અ.)એ તે લોકોને પહાડની તળેટીએ ઊભા રાખ્યા, અને પોતે તૂર ઉપર તશરીફ લઈ ગયા. ત્યાં અલ્લાહ તબારક વ તઆલા પાસે દુઆ માગી કે તેમની સાથે કલામ કરે અને પોતાનો કલામ કોમને સંભળાવે. ત્યારે અલ્લાહે — કે જેનો ઝિક્ર બુલંદ છે — કલામ કર્યો અને કોમે અલ્લાહનો કલામ ઉપરથી, નીચેથી, જમણેથી, ડાબેથી, પાછળથી

1 સૂરા અઅરાફ, આયત–૧૪૩

અને આગળથી સાંભળી લીધો, કારણ કે અલ્લાહ અઝ્ઝ વ જલ્લે પોતાના કલામને ઝાડમાં પેદા કર્યો અને પછી તેને ઝાડમાંથી પ્રસારિત કરતો ગયો એટલે સુધી કે કોમે તેને સઘળી દિશાઓથી સાંભળી લીધો. તે પછી પણ કોમ કહેવા લાગી કે, "અમે આપના ઉપર ત્યાં સુધી ઈમાન નહીં લાવીએ જ્યાં સુધી કે અમે અલ્લાહને ચોખ્ખી રીતે ન જોઈ લઈએ, કારણ કે જે વસ્તુને અમે સાંભળી તે તો અલ્લાહનો કલામ છે (ન કે અલ્લાહનો દીદાર)." જ્યારે કોમે આવા અભિમાનભર્યા શબ્દો કહ્યા અને બડાઈ મારી તથા સરકશી કરી તો અલ્લાહે તેમના ઉપર એક વીજળી પાડી, એટલે તે વીજળીએ તેમને તેમના ઝુલ્મના કારણે ઝપાટામાં લઈ લીધા, અને તેઓ મરી ગયા. તો મૂસા (અ.)એ ફરમાવ્યું કે, "અય મારા રબ! હું પાછો ફરીને બની ઈસરાઈલને શું કહીશ? જ્યારે કે તેઓ કહેશે કે, "આપ આ લોકોની સાથે નીકળ્યા અને તેમને કતલ કરી દીધા, કારણ કે આપ પોતાના એ દાવામાં સાચું બોલતા ન હતા કે આપની સાથે અલ્લાહ અઝ્ઝ વ જલ્લે મુનાજાત કરી છે."" તો અલ્લાહે તેમને પાછા જીવિત કરી દીધા અને તે પછી તેમને ઊભા કરી દીધા. તો તેઓ કહેવા લાગ્યા કે, "જો આપે અલ્લાહ પાસે એવી દુઆ માગી હોત કે અલ્લાહ આપને નજર આવે તો અલ્લાહ જરૂર આપની દુઆ કબૂલ કરત, અને આપ અમને બતાવી શકત કે અલ્લાહ કેવો છે. આવી રીતે અમે અલ્લાહની માઅરેફતને સાચા હકની સાથે ધરાવી શકત." તો મૂસા (અ.)એ ફરમાવ્યું કે, "અય મારી કોમ! અલ્લાહ આંખો વડે નથી દેખાતો અને તેનું કોઈ સ્વરૂપ પણ નથી, બલ્કે અલ્લાહ કેવળ પોતાની આયતો વડે ઓળખાય છે અને પોતાની નિશાનીઓ વડે જણાઈ આવે છે." તો પણ તેઓ કહેવા લાગ્યા કે, "અમે આપના ઉપર ઈમાન નહીં લાવીએ જ્યાં સુધી કે આપ અલ્લાહ પાસે દુઆ ન માગો." તો મૂસા (અ.)એ ફરમાવ્યું કે, "અય મારા રબ! તેં બની ઈસરાઈલની વાતો સાંભળી લીધી છે અને તેમની સુધારણા વિષે તું વધારે જાણે છે." તો અલ્લાહ અઝ્ઝ વ જલ્લે મૂસા (અ.) તરફ વહી કરી કે, "જેવી રીતે આ લોકો આપનાથી માંગણી કરે છે એવી રીતે આપ મારી પાસે દુઆ માગો. હું તેમની જિહાલતના કારણે આપને સજા નહીં કરું." તે સમયે મૂસા (અ.)એ ફરમાવ્યું કે, "મારા રબ! તું મને દેખાડ કે હું તને જોઉં." તો અલ્લાહે ફરમાવ્યું કે, "આપ મને નહીં જ જોઈ શકો, પરંતુ આપ પહાડ તરફ નજર કરો. જો પહાડ પોતાની જગ્યાએ ઝૂકેલી અવસ્થામાં ઊભો રહે, ત્યારે આપ મને જોઈ શકશો." પછી જ્યારે મૂસા (અ.)ના રબે પહાડ ઉપર પોતાની આયતોમાંથી એક આયતની તજલ્લી કરી તો પહાડને અલ્લાહે ચૂરેચૂરા કરી દીધો અને મૂસા (અ.) એક ચીસ પાડીને બેહોશ થઈ ગયા. પછી જ્યારે આપ (અ.)ને હોશ આવ્યો તો ફરમાવ્યું કે, "તું પાક છે. હું તારી તોબા કરું છું." આપ (અ.) ફરમાવી રહ્યા હતા કે, "હું મારી તારા પ્રત્યેની માઅરેફત તરફ મારી કોમની જિહાલતથી પાછો આવી ગયો છું, અને હું આ લોકોમાં એ વાત પર ઈમાન લાવનારો સર્વપ્રથમ છું કે તું જોઈ શકાતો નથી." ત્યારે મામૂને કહ્યું કે, "અય અબુલ હસન! આપનું આવું ચિંતન અલ્લાહની જ બખ્શિશ છે."[1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૧૯૬

# ઈસ્લામ વિષેની સમજણ

## શ્રેણી - ૪: અંતિમ સંદેશના વાહક

લેખકઃ ડૉ. ક્રિસ હ્યુવર | અંગ્રેજીમાંથી અનુવાદઃ મો. હસનઅબ્બાસ સેલીયા

### ભાગ પાંચ: મુતકલ્લિમૂન અને તેમના ફિરકા

(ગતાંકનું ચાલુ)

### અશ્અરીઓ

મુઅતઝલીઓ સામે નિર્ણાયક વલણ અપનાવનાર પ્રથમ સુન્ની મુતકલ્લિમ અહમદ ઈબ્ને હંબલ (ઈ.સ. ૭૮૦ થી ઈ.સ. ૮૫૫) હતા. તે હદીસના સંગ્રાહક તરીકે જાણીતા છે અને હંબલી મઝહબનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. તેમણે તેમની તાલીમને કુરઆન અને હદીસ પર આધારિત રાખી હતી કે જેને તેમણે વધુ અર્થઘટન અથવા ચર્ચા કર્યા વિના સ્વીકારી હતી. તે માનતા હતા કે ઈલ્મુલ કલામ ખતરનાક છે, કારણ કે તે અટકળો તરફ દોરી જાય છે, અને તેથી તેને ટાળવું જોઈએ. તેમણે શીખવ્યું કે કુરઆન એ અલ્લાહનું અઝલી કલામ છે, અને અલ્લાહનું કોઈ માનવસ્વરૂપ નથી; તેથી કુરઆનમાં માનવ ખ્યાલોનો ઉપયોગ કરીને અલ્લાહ માટેના સંદર્ભોને શાબ્દિક રીતે સમજવા જોઈએ, પરંતુ તેનો સંદર્ભ અલ્લાહનો લેવો જોઈએ; તેથી અલ્લાહના હાથ છે, પરંતુ તેમને અલ્લાહના હાથ જેવા સમજવા, માનવ જેવા હાથ નહીં. તેમનું માનવું હતું કે એ અલ્લાહના હાથમાં છે કે ગુનાહગારનો ઈન્સાફ કરવો અને તેને સજા કરવી, માનવીય નથી. ખરેખર, મનુષ્ય બીજી મખ્લૂક પર અંતિમ ફેંસલો આપી શકતો નથી; ચુકાદો, રહમ, અદ્લ અને માફી, તે બધું અલ્લાહના હાથમાં છે. ઈ.સ. ૮૩૨માં, જ્યારે શાસક ખલીફા અલ–મામૂન (ખિલાફત ઈ.સ. ૮૧૩ થી ઈ.સ. ૮૩૩) મુઅતઝલીઓની દિશામાં આગળ વધ્યો અને આલિમોને તેમનાથી સંમત થવા અથવા તો કેદનો સામનો કરવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે ઈબ્ને હંબલ બગદાદમાં હતા. મોટા ભાગનાએ મુઅતઝલી રીત સ્વીકારી, પરંતુ ઈબ્ને હંબલે ના પાડી અને બે વર્ષ માટે કેદ થઈ ગયા.

અબુલ હસન અલ–અશ્અરી (ઈ.સ. ૮૭૩ થી ઈ.સ. ૯૩૨)નો જન્મ બસરામાં થયો હતો અને તેમણે ઈ.સ. ૯૧૨માં મુઅતઝલી મઝહબ સાથે સંબંધ તોડ્યો, તે પહેલાં તેના આલિમો હેઠળ તાલીમ લીધી હતી. ત્યાર બાદ તેમણે મુઅતઝલી અને હંબલી રીત વચ્ચે મધ્યમ માર્ગ શોધ્યો હતો. તેમણે ભાર મૂક્યો હતો કે ઈલ્મુલ કલામનું પ્રારંભિક બિંદુ કુરઆન અને રસૂલલ્લાહ (સ.)ની સુન્નત, કે જે હદીસમાં અને આપ (સ.)ના સહાબીઓની રિવાયતોમાં સમાયેલ છે તે, હોવા જોઈએ; આ રીતે, તે ઈબ્ને હંબલની દિશામાં વધુ આગળ વધ્યા. તેમણે ફક્ત કુરઆન પર શાબ્દિક નિર્ભરતાને આળસ હોવાનું માન્યું, અને એકલો તે (કુરઆનનો) તર્ક તેમને જોખમી લાગ્યો, તેથી તેમણે બન્નેને

જોડવાનો પ્રયાસ કર્યો. તેમણે શીખવ્યું કે તર્ક એક હદ સુધી લઈ જઈ શકે છે, તે (હદ) પછી, માણસે ઈમાનના આધારે, “કઈ રીતે પૂછ્યા વગર” (બિલા કૈફ), સ્વીકારવું જોઈએ. તેમણે શીખવ્યું કે કુરઆન એ અલ્લાહનું અઝલી કલામ છે, અને ફક્ત શાહી, કાગળ અને વ્યક્તિગત અક્ષરો રચવામાં આવ્યા છે. તેમના એક વાક્યમાં: “અલ્લાહનું કલામ અલ્લાહ નથી, પણ તેના સિવાય અન્ય નથી; તે ન પૂછો કે કેવી રીતે.” તેવી જ રીતે, તેમણે શીખવ્યું કે માણસ કયામતના દિવસે અલ્લાહને ખરેખર જોશે, પરંતુ આપણે જાણતા નથી કે કેવી રીતે.

તેઓ તર્કવાદ પરના ભારને મર્યાદિત કરવા માગતા હતા, અને તેમણે શીખવ્યું હતું કે ઈમાનના બિન–તર્કવાદી તત્ત્વો, માનવ વર્ગો અને અનુભવથી બરતર છે. અલ્લાહના ઈલ્મની સરખામણીમાં માનવ ઈલ્મ મર્યાદિત છે; તેથી, આપણે દરેક બાબતમાં અલ્લાહની મરજીને સ્વીકારવી જોઈએ, કારણ કે તે અલ્લાહની મરજી છે. તેમનું એવું માનવું હતું કે મુઅતઝલીઓએ અલ્લાહની કુદરતને તર્કને આધીન કરીને મર્યાદિત કરી હતી, અને આ રીતે અલ્લાહના અદ્લમાં, રહમમાં અને શફકતમાં ઈમાનનો અભાવ દર્શાવ્યો હતો. આનો અર્થ એ છે કે જો અલ્લાહ પરહેઝગારને જન્નતમાં અને ગુનાહગારને જહન્નમમાં મોકલવાનું પસંદ કરે, તો આને અલ્લાહની મરજી તરીકે સ્વીકારવી જોઈએ કે જે કારણ અને તર્કથી પર છે. તેમણે મુઅતઝલીઓ પર અલ્લાહને શબીહ વિનાનો અને માનવ જીવનને “કારણો અને અસરો”ની અર્થહીન શ્રેણીમાં ફેરવવાનો આરોપ મૂક્યો હતો. તેમણે પૂછ્યું કે જો કારણ અને તર્ક પૂરતાં છે તો વહીનું મહત્ત્વ શું રહેશે?

અલ–અશ્અરી અને તેના મુઅતઝલી શિક્ષક વચ્ચેની ચર્ચાનું એક પ્રખ્યાત ઉદાહરણ આપવામાં આવ્યું છે.

> આ દૃશ્ય જન્ન્તમાં છે કે જ્યાં એક બાળક નોંધે છે કે એક માણસ પાસે તેના કરતાં ઊંચુ સ્થાન છે અને તેથી તે અલ્લાહને પૂછે છે કે, "આવું કેમ છે?" અલ્લાહ જવાબ આપે છે કે, "આ માણસે તેના જીવનમાં ઘણાં સારાં કાર્યો કર્યાં છે અને તેથી આ તેનો સવાબ છે." બાળક પછી અલ્લાહને પૂછે છે કે, "તેને સારાં કાર્યો કરીને આટલું મોટું સ્થાન મેળવવાની તક મળે તે પહેલાં તેને યુવાનીમાં કેમ મરવા દેવામાં આવ્યો?" અલ્લાહ જવાબ આપે છે કે, "અલ્લાહે તેને યુવાનીમાં મોત આપ્યું, કારણ કે અલ્લાહ જાણતો હતો કે જો તે સંપૂર્ણ પુખ્તાવસ્થા સુધી જીવવાનું ચાલુ રાખતો, તો તે ગુનાહગાર બનતો." આ ઘડીએ જહન્નમમાંથી અવાજો ગૂંજી ઊઠે છે કે જે અલ્લાહને પૂછે છે કે, "શા માટે તેઓને પણ બાળપણમાં ન માર્યા?"

અલ–અશ્અરી દ્વારા “કારણ અને અસર”નો કાયદો મનુષ્યો સાથેના અલ્લાહના સંબંધોને આવરી લેવા માટે અપૂરતો હોવાનું માનવામાં આવતો હતો.

જ્યારે માણસના આમાલની વાત આવે છે, ત્યારે અલ–અશ્અરીએ ફરી એક મધ્યમ માર્ગ અપનાવવાનો પ્રયાસ કર્યો. અલ્લાહ બધા આમાલ

બનાવે છે, નેકી અને બદી બન્ને. અલ્લાહ બદી બનાવે છે, પરંતુ અલ્લાહ તેને ઈચ્છતો નથી. આ અલ્લાહની કાદિર હોવાની સિફતનું આવશ્યક પરિણામ છે, પરંતુ અલ્લાહ તો સારો છે, તો તે શા માટે બદી બનાવે છે? તેનો જવાબ માણસની જરૂરિયાતમાં સમાયેલો છે, અલ્લાહની નહીં. તેથી, એવી દલીલ કરવામાં આવી હતી કે મનુષ્ય માત્ર આ રીતે સરખામણી કરીને નેકીની કદર કરી શકે છે. આ રીતે આપણને જાણવા મળે છે કે બદી માત્ર નેકીની ગેરહાજરી નથી, પરંતુ નેકીની વાસ્તવિક અને પ્રવર્તમાન સમાન ગુણધર્મવાળી વસ્તુ છે.

અલ–અશ્અરીએ નિશ્ચયવાદ વિષેના, અને પોતાના આમાલ માટે લોકોની જવાબદારી વિષેના પ્રશ્નનો સામનો કર્યો હતો. તેમણે આત્યંતિક નિશ્ચયવાદમાં જોખમ જોયું કે તે નૈતિક શિથિલતા તરફ દોરી જાય છે: "જ્યારે અલ્લાહે મને કમજોર બનાવ્યો છે અને મારા બધા આમાલ નક્કી કર્યા છે, ત્યારે મારી કમજોરીઓ સામે લડવામાં મને શું ફાયદો છે?" તે જ સમયે, જો અલ્લાહ અલીમ છે, તો પછી આપણે એમ કહેવાનું કેવી રીતે ટાળી શકીએ કે અલ્લાહે આપણામાંના દરેકને કાં તો મોમિન, કાં તો કાફિર બનવા માટે બનાવ્યા છે? માનવીય જવાબદારી વિષે, અલ–અશ્અરીએ અલ્લાહના કાદિર હોવાની સિફતને, સંપાદન (ઈક્તેસાબ) નો સિદ્ધાંત વિકસાવીને મનુષ્યોને ચુકાદા માટે જવાબદાર રહેવા માટે પૂરતી સ્વતંત્રતા આપવાની સાથે સંતુલિત કરવાનો પ્રયાસ કર્યો. દલીલ નીચે પ્રમાણે હતી: બધા આમાલ અલ્લાહની ઈચ્છા, ઈલ્મ, ફેંસલા અને હુકમનામા દ્વારા બનાવવામાં આવે છે; આમ, પ્રાથમિક કાર્યકારણ (કે જે કાર્ય થાય છે તે) અલ્લાહની માલિકીનું છે. દરેક અમલ કરવામાં આવે તે પહેલાં, તે કેવી રીતે કરવામાં આવે તેની જવાબદારી મનુષ્ય મેળવે છે, અને આ રીતે તે અમલ માટે જવાબદાર બને છે, અને આ રીતે અદ્લ અને સજા માટે જવાબદાર બને છે; તેથી ગૌણ કાર્યકારણ (ક્રિયા કેવી રીતે કરવામાં આવે છે તે) મનુષ્યની માલિકીનું છે. આનો અર્થ એ છે કે અલ્લાહ માણસના દરેક અમલનું પરિણામ જાણે છે, પરંતુ તેને તે નક્કી કરતો નથી. (ક્રમશ:)



ઝાકિરહુસૈન હૈદરઅલી
રાજપુરા (કનાઈ)
12 Sci. - 90.16 P.R.


જમાતનું જૂનું અને જાણીતું ટુર્સ એટલે ઝહીર ટુર્સ

**ઝહીર ટુર્સ & ટ્રાવેલ્સ**

ઉમરાહ ઝિયારત

અસ્સલામો અલૈકુમ...
ચાલુ વર્ષે જે મોમિન ભાઈ બહેનોને ઇરાક ઇરાન ઝિયારત તથા ઉમરાહ મક્કા મદીના તથા મોહર્રમ તથા અર્બઇન માટે જવાની તમન્ના હોય તો નીચેના મોબાઇલ નંબર ઉપર સંપર્ક કરો. ઝવ્વારની દરેક વાતમાં અને સગવડનો ખ્યાલ રાખવામાં આવશે.

આયોજક
હાજી માસુમભાઈ રસુલભાઈ નાગલપરા (કેસીમ્પા)
મો. ૯૪૨૭૬ ૮૩૯૩૦
મહેદીઅલી માસુમભાઈ નાગલપરા (કેસીમ્પા)
મો. ૭૭૭ ૮૮૮ ૭૪૭૧

સહાયક
હાજી ઈસ્માઈલભાઈ રસુલભાઈ નાગલપરા (કેસીમ્પા)
મો. ૯૯૦૯૬ ૭૬૯૫૩
હાજી તાહેરઅલી ગુલામભાઈ પટાવટ (કાકોશી)
મો. ૯૪૨૬૫ ૪૨૪૨૩
અબ્બાસભાઈ વલીભાઈ સલેમા (હરીપુરા)
મો. ૯૮૯૮ ૭૦૭૨ ૬૩

મુ. કેસિમ્પા, તા. વડનગર, જી. મહેસાણા-૩૮૪૩૫૫


DHTM
(Hotel Management)
Diploma in Hospitality and Tourism Management
Affiliated with the
BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
Study Center Code: 0792408
2023
ADMISSION
OPEN
School of Management
(Department of Hotel Management)
Course duration is one year (II Semester)
Eligibility : 10+2 or equivalent (In any stream)
Self study material will be provided.
Campus facilities and infrastructure
Admission session: January / February & June / July
MAKTABAH JAFARIYAH
Knowledge & Research Academy
REGISTER NOW
www.maktabahjafariyah.org
7696527292 / 9825051682 / 8460487092
Sedrana Square, Ta. Sidhpur, Dist. Patan-384151

# નન્હે રોઝેદાર

## હિજરી સન-૧૪૪૪



સીરતઝહરા કુરબાનહુસૈન પટેલ
વાલેદા: શાકેરાફાતેમા (બાદરપુર-અમદા.)
ઉ.વ. ૧.૧૦ રોઝા - ૧



ઈર્તેઝાફાતેમા સિરાજઅહમદ સુરપુરા
વાલેદા: સકીનાબાનુ (જેઠીપુરા)
ઉ.વ. ૩.૧ રોઝા - ૧



ખદીજાફાતેમા મોહંમદતકી મોમિન
વાલેદા: મકબૂલફાતેમા (લંડન)
ઉ.વ. ૩.૯ રોઝા - ૧



અર્શાનઅલી હૈદરઅબ્બાસ પિયારજી
વાલેદા: રહમતફાતેમા (સેદ્રાણા)
ઉ.વ. ૪ રોઝા - ૨




ઝાકેરાફાતેમા અકબરઅલી મોમિન
વાલેદા: શહરબાનુ (વડતાલ)
ઉ.વ. ૪ રોઝા - ૨



અઝીઝાફાતેમા અબ્બાસઅલી મોમિન
વાલેદા: મેઅરાજફાતેમા (કઠોર)
ઉ.વ. ૪ રોઝા - ૧



તહારતફાતેમા હબીબઅલી મોમિન
વાલેદા: શાકેરાબાનુ (કઠોર)
ઉ.વ. ૪ રોઝા - ૧



ઝકીયાઝહરા સિરાજઅહમદ સુરપુરા
વાલેદા: સકીનાબાનુ (જેઠીપુરા)
ઉ.વ. ૪.૪ રોઝા - ૨૮



મુખ્તારઅહમદ અસ્ગરઅલી ખાણશીયા
વાલેદા: મેઅરાજફાતેમા (ઈલોલ ત.)
ઉ.વ. ૪.૪ રોઝા - ૧



ફર્હતઝહરા અકબરઅલી કરડીયા
વાલેદા: આબેદાબેન (કાકોશી)
ઉ.વ. ૪.૫ રોઝા - ૧૦




ઈસ્મતઝહરા આબિદહુસૈન અસામદી
વાલેદા: શાકેરાબેન (મેતા)
ઉ.વ. ૪.૫ રોઝા - ૨



શીરીનફાતેમા અકબરઅલી કડીવાલા
વાલેદા: સુગરાબાનુ (ખડીયાસણ)
ઉ.વ. ૪.૫ રોઝા - ૧



હુસૈનઅબ્બાસ અબ્બાસઅલી સેલીયા
વાલેદા: રહમતફાતેમા (વેળાવાપુરા)
ઉ.વ. ૫ રોઝા - ૫



સજ્જાદઅહમદ ઈમ્દાદહુસૈન સેલીયા
વાલેદા: ફાતેમાસુગરા (વેળાવાપુરા)
ઉ.વ. ૫ રોઝા - ૨



મેઅરાજફાતેમા હસનઅલી સુણસરા
વાલેદા: ઝહરાબાનુ (ખડીયાસણ)
ઉ.વ. ૫ રોઝા - ૩



રૈહાનઅલી અકબરહુસૈન ફત્તેહ
વાલેદા: કનીઝફાતેમા (પીરોજપુરા)
ઉ.વ. ૫ રોઝા - ૨



તન્ઝીલફાતેમા વારિસઅલી પલસાણીયા
વાલેદા: રહમતફાતેમા (કાકોશી-અમદા.)
ઉ.વ. ૫ રોઝા - ૨



તસ્નીમઝહરા મંઝૂરમોહંમદ દાવડા
વાલેદા: સકીનાફાતેમા (કાટવાડ)
ઉ.વ. ૫.૫ રોઝા - ૨



આસેફાઝૈનબ રિઝવાનઅલી મોમિન
વાલેદા: નફીસાબાનુ (કઠોર)
ઉ.વ. ૫.૬ રોઝા - ૫



રબાબઝહરા ઝાકિરહુસૈન મેમાયા
વાલેદા: શાકેરાબેન (ઇલોલ ત.)
ઉ.વ. ૬ રોઝા - ૧૭



તસ્નીમઝહરા અબ્બાસઅલી મોમિન
વાલેદા: કનીઝઝહરા (દમણ)
ઉ.વ. ૬ રોઝા - ૧૬



તૈયબાફાતેમા ફૈઝમોહંમદ પલસાણીયા
વાલેદા: રહમતફાતેમા (રસૂલપુર મે.)
ઉ.વ. ૬ રોઝા - ૧૨



તસ્નીમઝહરા ફતેહઅલી ભટ્ટા
વાલેદા: શાકેરાફાતેમા (ઇલોલ ત.)
ઉ.વ. ૬ રોઝા - ૫



અદીબાફાતેમા ફતેહમોહંમદ લોઢા
વાલેદા: ઇરફાનાબાનુ (કિશોરગઢ)
ઉ.વ. ૬ રોઝા - ૫



રૈહાનઅબ્બાસ હૈદરઅબ્બાસ પિયારજી
વાલેદા: રહમતફાતેમા (સેદ્રાણા)
ઉ.વ. ૬ રોઝા - ૨



રૈહાનઅલી શબ્બીરઅલી મોળપીયા
વાલેદા: સકીનાબેન (દશાવાડા)
ઉ.વ. ૬ રોઝા - ૨




ઝેબાફાતેમા અકબરહુસૈન રાજપુરા
વાલેદા: ફઝલફાતેમા (જેઠીપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૧



ઝૈદહુસૈન આસિફઅલી મોમિન
વાલેદા: સાજેદાબેન (ગણેશપુરા)
ઉ.વ. ૬ રોઝા - ૫



અકીલઅબ્બાસ સાદિકહસન મોમિન
વાલેદા: મહમૂદાબાનુ (કઠોર)
ઉ.વ. ૬ રોઝા - ૧



સઈદઅહમદ અખ્લાકઅહમદ હાજી
વાલેદા: અઝમતફાતેમા (ઇલોલ ત.)
ઉ.વ. ૬.૨ રોઝા - ૨૮



તસ્નીમઝહરા હસનઅલી ખરોડીયા
વાલેદા: સકીનાફાતેમા (હરીપુરા)
ઉ.વ. ૬.૫ રોઝા - ૧૭



ઔનઅલી હસનઅલી મોલપીયા
વાલેદા: સકીનાફાતેમા (સેવાલણી)
ઉ.વ. ૬ રોઝા - ૧૪



કુબરાફાતેમા કરામતઅલી મોલપીયા
વાલેદા: નફીસાબેન (સેવાલણી)
ઉ.વ. ૭ રોઝા - ૧૭



તસ્નીમઝહરા સાદિકઅલી માઠા
વાલેદા: કનીઝફાતેમા (મોલીપુર)
ઉ.વ. ૭ રોઝા - ૨૯



મેઅરાજફાતેમા હૈદરઅલી સુરપુરા
વાલેદા: તાહેરાફાતેમા (સુરપુર)
ઉ.વ. ૭ રોઝા - ૨૯



અતાહુસૈન હસનઅબ્બાસ શેલીયા
વાલેદા: શાકેરા (મેતા)
ઉ.વ. ૭ રોઝા - ૨૭



તસ્નીમઝહરા ફતેહઅલી ડોડીયા
વાલેદા: અઝમતફાતેમા (ઇલોલ પ.)
ઉ.વ. ૭ રોઝા - ૨૫



બતૂલફાતેમા મયસમઅલી આગલોડીયા
વાલેદા: કનીઝફાતેમા (પીંપોદર)
ઉ.વ. ૭ રોઝા - ૨૪



શાહેદાઝૈનબ અહમદહુસૈન ખાણશીયા
વાલેદા: રશીદાબેન (કાટવાડ)
ઉ.વ. ૭ રોઝા - ૨૪



મોહંમદસાદિક સિરાજઅહમદ આગલોડીયા
વાલેદા: આબેદાબેન (પીંપોદર)
ઉ.વ. ૭ રોઝા - ૧૪



ઈનાયતહુસૈન ઈમ્દાદઅલી કડીવાલા
વાલેદા: તાહેરાબાનુ (વાઘરોલ)
ઉ.વ. ૭ રોઝા - ૧૦



અયમનફાતેમા ઝાકિરહુસૈન શેલીયા
વાલેદા: મુમતાઝ (કાકોશી-મુંબઈ)
ઉ.વ. ૭ રોઝા - ૧



મોહંમદશફી એહસાનઅલી સાઠીયા
વાલેદા: રાશેદાબાનુ (ઇમાનપુરા)
ઉ.વ. ૭.૫ રોઝા - ૨૫



મોહંમદઆસિફ મંજૂરઅહમદ માણસિયા
વાલેદા: મોસમીનબેન (ચડોતર)
ઉ.વ. ૭.૫ રોઝા - ૧૮



ફિરોઝાફાતેમા આબિદહુસૈન દાવડા
વાલેદા: હબીબાબેન (કાટવાડ)
ઉ.વ. ૭.૯ રોઝા - ૨૮



બાકિરઅલી એહસાનઅલી મોમિન
વાલેદા: દિલસાદબાનુ (કઠોર)
ઉ.વ. ૭.૧૦ રોઝા - ૨૯



મુબીનાફાતેમા મહદીહસન મલપરા
વાલેદા: શાકેરાબાનુ (વેળાવાપુરા)
ઉ.વ. ૭ રોઝા - ૨૨



રુકૈયાફાતેમા એહસાનઅલી મલપરા
વાલેદા: સકીનાબાનુ (વેળાવાપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



રાહતફાતેમા મંજૂરઅલી સુણસરા
વાલેદા: ઝહીરાબાનુ (વેળાવાપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



મોહંમદમકબૂલ આબિદહુસૈન સુણસરા
વાલેદા: રહમતફાતેમા (મેતા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



મોહંમદસાદિક અકબરઅલી સુણસરા
વાલેદા: આબેદાબાનુ (મેતા)
ઉ.વ. ૮ રોઝા - ૨૯



મોહંમદઅમીન હૈદરઅલી શેલિયા
વાલેદા : મન્સૂરા (મેતા)
ઉ.વ : ૮ રોઝા - ૨૭



મોહંમદસજ્જાદ શબ્બીરઅલી નટીયા
વાલેદા : રહમતફાતેમા (રસૂલપુર ખે.)
ઉ.વ : ૮ રોઝા - ૨૯




મોહંમદનિસાર જાવેદઅલી આગલોડીયા
વાલેદા : સકીનાબેન (રસૂલપુર ખે.)
ઉ.વ : ૮ રોઝા - ૨૮



કૌસરફાતેમા હસનઅબ્બાસ રાજપુરા
વાલેદા : શાકેરાબાનુ (કનાઈ)
ઉ.વ : ૮ રોઝા - ૨૭



મોહંમદમૂનિસ તાહેરઅલી વિજાપુરા
વાલેદા : શાકેરાબાનુ (ઈલોલ ત.)
ઉ.વ : ૮ રોઝા - ૨૬



તાહેરાફાતેમા હસનઅબ્બાસ ઢુઢા
વાલેદા : નિશાતફાતેમા (ઈલોલ ત.)
ઉ.વ : ૮ રોઝા - ૨૫



રહમતફાતેમા મિકદાદઅલી ચૌધરી
વાલેદા : કનીઝફાતેમા (મેતા)
ઉ.વ : ૮ રોઝા - ૨૫



ફરીદાફાતેમા અબ્બાસઅલી સેલીયા
વાલેદા: રહમતફાતેમા (વેળાવાપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૨૪



જવાદઅલી શબ્બીરઅલી કડીવાલા
વાલેદા : તાહેરા (વાઘરોલ)
ઉ.વ : ૮ રોઝા - ૧૫



મોહંમદનઝીર આસિફઅલી મલપરા
વાલેદા: કનીજફાતેમા (વેળાવાપુરા)
ઉ.વ. ૮ રોઝા - ૧૨



મક્સૂદાફાતેમા ફૈઝમોહંમદ દાંત્રેલીયા
વાલેદા: અઝમતફાતેમા (ઇલોલ ત.)
ઉ.વ. ૮ રોઝા - ૪



મોહંમદમુબીન વારિસઅલી હોલ્ડા
વાલેદા: સાબેરાબેન (ઇલોલ ત.)
ઉ.વ. ૮.૪ રોઝા - ૧૬



મોહંમદનકી અકબરઅલી સુથાર
વાલેદા: નજમાબેન (મોલીપુર)
ઉ.વ. ૮.૫ રોઝા - ૨૯



ઇસ્તિયાકઅહમદ અખ્લાકઅહમદ હાજી
વાલેદા: અઝમતફાતેમા (ઇલોલ ત.)
ઉ.વ. ૮.૭ રોઝા - ૨૯



શીરીનફાતેમા મંજૂરહુસૈન સુણસરા
વાલેદા: નજમાબેન (હેદરપુરા)
ઉ.વ. ૮.૧૦ રોઝા - ૨૦



ઝૈનબફાતેમા નજરઅલી વિજાપુરા
વાલેદા: આબેદાબેન (કાટવાડ)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



અનીસાફાતેમા મોહંમદઅલી મુખી
વાલેદા: બતૂલફાતેમા (કેસીમ્પા)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



ઝૈનબફાતેમા ઇસ્તિયાકઅલી મોમિન
વાલેદા: કનીઝઝહરા (વસો-અમદા.)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



અહમદઅલી આબિદઅલી મોમિન
વાલેદા: કનીઝઝહરા (પાડગોલ)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મોહંમદનકી અસ્ફાકહુસૈન પાનવાલા
વાલેદા: રસૂલબાનુ (કઠોર)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



મુનીરાફાતેમા આબિદહુસૈન ગોદડ
વાલેદા: આબેદાબેન (કિશોરગઢ)
ઉ.વ. ૯ રોઝા - ૨૯



સકીનાફાતેમા અબ્બાસઅલી મોમિન
વાલેદા: હુસૈનાબાનુ (વસો)
ઉ.વ. ૯ રોઝા - ૨૯




હલીમાફાતેમા મહદીહસન મલપરા
વાલેદા: શાકેરાબાનુ (વેળાવાપુરા)
ઉ.વ. ૯ રોઝા - ૨૮



મોહંમદસિરાજ હૈદરઅલી વરાળીયા
વાલેદા: ઝરીનાબેન (વેળાવાપુરા)
ઉ.વ. ૯ રોઝા - ૨૭



શાકેરાફાતેમા સાદિકઅલી પટાવટ
વાલેદા: હુસૈનાબેન (કાકોશી)
ઉ.વ. ૯ રોઝા - ૨૦



મોહંમદઅકીલ અબ્બાસઅલી મોમિન
વાલેદા: કનીઝઝહરા (દમણ)
ઉ.વ. ૯ રોઝા - ૧૭




સાબેરાફાતેમા અખ્લાકઅહમદ મોમિન
વાલેદા : કનીઝફાતેમા (કઠોર)
ઉ. વ. ૯.૫ રોઝા - ૨૬



મોહંમદમન્સૂર એહસાનઅલી નૂરભાણેજ
વાલેદા: સાજેદાબેન (ઈલોલ ત.)
ઉ.વ. ૯.૭ રોઝા - ૨૯



મોહંમદરઝા સાજિદઅલી નૂરભાણેજ
વાલેદા: શાકેરાબેન (ઈલોલ ત.)
ઉ.વ. ૯.૮ રોઝા - ૨૭



હમીદાફાતેમા ફુરાતહુસૈન મોમિન
વાલેદા: અઝમતફાતેમા (લંડન)
ઉ.વ. ૯.૯ રોઝા - ૩૦



મોહંમદમોહસિન હૈદરઅલી મલપરા
વાલેદા: ઝહરાબાનુ (વેળાવાપુરા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



ઈકબાલએહમદ વલીભાઈ વરાળીયા
વાલેદા: સુગરાબેન (વેળાવાપુરા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



શીરીનફાતેમા આબિદઅલી મુસબજી
વાલેદા: ઈરફાનાબેન (શેરપુરા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



મોહંમદસાજિદ મંજૂરઅલી અસામદી
વાલેદા: મકબૂલફાતેમા (મેતા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



મોહંમદનિસાર અબ્બાસઅલી સુથાર
વાલેદા: સાબેરાબાનુ (કેસીમ્પા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯




મોહંમદરઝા હસનઅલી મરેડીયા
વાલેદા: તાહેરાબેન (હૈદરપુરા)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



અખ્લાકઅહમદ મંજૂરઅલી ભટ્ટ
વાલેદા: નજમાબેન (કિશોરગઢ)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



મોહંમદહુસૈન ફતેહમોહંમદ આગલોડિયા
વાલેદા:હબીબાબેન(રસૂલપુર(ખે.))
ઉ.વ. ૧૦ રોઝા - ૨૯



મોહંમદફાઝિલ હસનઅબ્બાસ ભગત
વાલેદા: હાજેરાબેન (બાદરપુર)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૮



મોહંમદઅલી નિયામતઅલી ખરોડીયા
વાલેદા: નજમાબેન (પીંપોદર)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૮



મોહંમદનાસિર એહસાનઅલી મોમિન
વાલેદા: હુસૈનાબાનુ (વસો)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૬



યાકૂબઅલી ઈમ્દાદઅલી મલપરા
વાલેદા: સુગરાબાનુ (વેળાવાપુરા)
ઉ.વ. ૧૧ રોઝા - ૨૯



અકીલાફાતેમા અકબરઅલી નાગલપરા
વાલેદા: નફીસા (કેસીમ્પા)
ઉ.વ. ૧૧ રોઝા - ૨૯




મોહંમદશાહિદ બાકરઅલી બાદરપુરા
વાલેદા: શાકેરાબેન (ઈલોલ ત.)
ઉ.વ. ૧૦ રોઝા - ૨૮



ઝહીનાફાતેમા હૈદરઅબ્બાસ શેલીયા
વાલેદા: નજમાબેન (મેતા)
ઉ.વ. ૬ રોઝા - ૨૯



ફૈઝઅબ્બાસ અખ્લાકએહમદ શેલીયા
વાલેદા: હુસૈનાબેન (મેતા)
ઉ.વ. ૬.૫ રોઝા - ૨૮



મુસ્તાકઅલી અખ્લાકએહમદ શેલીયા
વાલેદા: હુસૈનાબેન (મેતા)
ઉ.વ. ૮.૫ રોઝા - ૨૯

# ગેલેક્સી
## પ્લાયવુડ એન્ડ હાર્ડવેર

પ્લાયવુડ, લેમિનેટ, ફ્લશ ડોર, બેટન પટ્ટી, MDF,
હાર્ડવેર તેમજ તમામ પ્રકારની એસેસરીઝ ઉપલબ્ધ છે.

હોટલ, રેસ્ટોરન્ટ અને ઘરના ફર્નિચર કામ માટે પ્લાયવુડ તથા
હાર્ડવેર ની દરેક વસ્તુ અમારે ત્યાં વ્યાજબી ભાવે મળશે.

**હોલસેલ તથા રીટેલ સાધન સામગ્રી માટે
અમારા શોરૂમની એકવાર અવશ્ય મુલાકાત લેશો.**

**વધુ માહિતી માટે સંપર્ક કરો:**

82380 64301 — શોરૂમ નંબર
76984 75637 — મંજુરઅલી
95374 43855 — આબિદહુસૈન અબુજી

ડાયમંડ કોમ્પ્લેક્ષ, છાપી હાઈવે, તા.વડગામ,
જિ.બનાસકાંઠા.-385210

## સહાબીએ રસૂલ (સ.)

# હઝરત મુસ્અબ ખૈર (રઝી.)

(ગતાંકનું ચાલુ)

**અક્બાનશીની**

પોતાના જંગના નિશ્ચયમાં સાબિતકદમ રહેવા છતાં, મોહંમદ (સ.)એ અક્બાનશીની બાબતમાં વિચાર કર્યો કે સિપાહીઓને એકઠા કરે, તેથી આપ (સ.)એ મુસલમાનોને પોકાર કર્યો,

“હું અલ્લાહનો રસૂલ (સ.) છું, મારી પાસે આવો.”

પાછા આવનારા અસ્હાબને લઈને મોહંમદ (સ.) ઓહદની ઊંચી જગ્યાઓ તરફ આગળ વધ્યા કે જેથી બચાવ પ્રક્રિયા આસાન થઈ જાય.

અબૂ સુફ્યાને પહાડની નીચે ઊભા રહીને કહ્યું,

“આ બદ્રના દિવસના વેરની વસૂલાત છે.”

પછી કહ્યું,

اُعْلُ هُبَلُ

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું,

اَللّٰهُ اَعْلٰى وَاَجَلُّ

અબૂ સુફ્યાને બૂમ પાડી,

“અમારી પાસે ઉઝ્ઝા છે, તમારી પાસે ઉઝ્ઝા નથી.”

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું,

“અલ્લાહ અમારો મૌલા છે, તમારો કોઈ મૌલા નથી.”

જંગ સમાપ્ત થઈ ગયો, અને મુસલમાનોએ એવો સબક લઈ લીધો, કે જેને તેઓ કદી પણ નહીં ભૂલે, અને તેઓ દરેક હાલતમાં રસૂલલ્લાહ (સ.) ની ઈતાઅત કરશે.

આ જંગમાં મુસલમાનો તરફથી સિત્તેર માણસો શહીદ થયા, જ્યારે કે મુશરિકોના મરેલાઓની સંખ્યા ૨૮ હતી.

રસૂલલ્લાહ (સ.) મદીના પાછા આવી ગયા. રસૂલલ્લાહ (સ.)ના પાછા આવવાથી મુસલમાનોને ખુશી થઈ.

મોહંમદ (સ.)એ હમના બિન્તે જહશને ત્રણ શહીદોનો પુરસો આપ્યો. પહેલાં તેમના મામાનો પુરસો આપ્યો અને ફરમાવ્યું,

“اِنَّا لِلّٰهِ وَ اِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ. ખુદા તેમની મગ્ફેરત કરે, અને તેમના પર રહમત નાઝિલ ફરમાવે. તેમને શહાદત મુબારક થાય.”

ત્યાર પછી તેમના ભાઈનો પુરસો પેશ કર્યો, અને ફરમાવ્યું,

“اِنَّا لِلّٰهِ وَ اِنَّآ اِلَيْهِ رٰجِعُوْنَ. તેમને શહાદત મુબારક થાય.”

પછી તેમને તેમના શોહર મુસ્અબ ઈબ્ને ઉમૈર (રઝી.)નો પુરસો આપ્યો.

હવે તે સાબિર મોમિનાથી અંકુશમાં રહેવાયું નહીં અને ‘વા હઝનાહ’ કહીને ચીસ પાડી અને દુ:ખી દિલે રુદનની સાથે રડવા લાગી.

મોહંમદ (સ.) જાણતા હતા કે હમના પોતાના

બહાદુર શોહર સાથે બેહદ મોહબ્બત કરતી હતી, તેથી એકદમ તેમની શહાદતની ખબર સંભળાવી ન હતી.

તે મોમિના ઓરત રડતી રડતી પાછી ગઈ, તો રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું,

"શોહર સાથે બીવીને ખાસ લગાવ હોય છે કે જેવો લગાવ બીજા કોઈની સાથે નથી હોતો."

આવી રીતે જિહાદે મુનવ્વરનો સહીફો ઊલટાઈ ગયો કે જેની પહેલી સફમાં મુસ્અબ ઈબ્ને ઉમૈર (રઝી.)નું નામ ચમકતું નજરે પડે છે.

આજે મુસલમાનો આ બહાદુરના જઝબાને નવાઈની સાથે યાદ કરે છે કે જેણે ઈમાન અને ઈસ્લામ ખાતર કેદ અને દેશનિકાલની મુસીબતો ઉઠાવી, જેથી તેમનું નામ 'મુસ્અબ અલ ખૈર (રઝી.)' આગામી નસલોમાં લેવામાં આવતું રહે.

(કમાલ અસીદ – નિસારઅહમદ ઝૈનપુરી)


આ સામયિકમાં પ્રકાશિત થતા લેખોમાંના અમુક લેખ વિવિધ કિતાબોમાંથી ભાષાંતર કરવામાં આવતા હોય છે. તે કિતાબો જુદા જુદા ધર્મ તેમ જ જુદા જુદા ફિરકાવાળા લોકોએ જે તે વિષયોના તેમના અભ્યાસ, તેમની સમજણ તેમ જ તેમના વિચારોના આધારે લખી હોય છે. માટે જરૂરી નથી કે તે બધી બાબતો આપણા અકીદા પ્રમાણે જ હોય. દીનને લગતા મામલાઓમાં આપણે મેહેર લાઈબ્રેરીથી મળતી આપણા હાજરપીરની હિદાયત ઉપર જ અમલ કરવાનો હોય છે. – તંત્રી (જાફરી આવાઝ)

*હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.)એ ફરમાવ્યું છે કે, "અમારા શીઆઓમાંથી જે માણસ અમારી શરીઅતનો આલિમ હોય, અને પછી તે અમારા શીઆઓમાંના કમજોરોને પોતાની જિહાલતના અંધારામાંથી એ ઈલ્મના નૂર તરફ કાઢી દે કે જે ઈલ્મ અમે તેને બક્ષ્યું હોય, તો તે માણસ કયામતના દિવસે એવી રીતે આવશે કે તેના માથે એવો નૂરનો તાજ હશે કે જે આખા હશ્રના મેદાનને રોશન કરી દેશે; અને તેણે એવાં વસ્ત્રો પહેરેલાં હશે કે જેમાંથી એક નાનો ટુકડો પણ લેવામાં આવે તો પણ તેની સામે આ દુનિયાની સુંદરતા કંઈ જ નથી. તે પછી અલ્લાહ તરફથી મુનાદી નિદા આપશે કે, "અય અલ્લાહના બંદાઓ! આ આલે મોહંમદ (અ.)ના કેટલાક શાગિર્દોમાંથી એક આલિમ છે. એટલા જ માટે તમે જાણી લો કે જેને પણ દુનિયામાં આ આલિમે તેની જિહાલતની ગુમરાહીમાંથી બહાર કાઢ્યો તેને જોઈએ કે આના નૂરની સાથે જોડાઈ જાય, કે જેથી આ આલિમ તેને હશ્રના મેદાનના અંધારાની ગુમરાહીમાંથી બહાર કાઢીને જન્નતની ખુશાલી તરફ લઈ જઈ શકે. આવી રીતે તે આલિમ માણસ એ બધાને બહાર કાઢશે કે જેમને તેણે દુનિયામાં નેકી શિખવાડી હશે, અથવા જેમનાં દિલો ઉપરથી જિહાલતનું તાળું ખોલી દીધું હશે, અથવા જેમની શંકાઓ તેણે દૂર કરી હશે."[1]*


1 તફસીરુલ ઈમામ (અ.), સફહા–૩૩૯, હદીસ–૨૭૨

# આપણા ઘરની વાતો

**● ઈન્નાલિલ્લાહે...**



વેળાવાપુરાનિવાસી **મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ અલીમોહંમદ શેલીયા (કાકોસીયા)**



મુ.તા. ૧૧, શાબાન-૧૪૪૪ તા.૦૪/૦૩/૨૦૨૩ને શનિવારના રોજ ૭૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.⟶

⟵ મોલીપુરનિવાસી **મર્હૂમ મો.સુલેમાનભાઈ અલજીભાઈ રેવાસિયા** મુ.તા. ૨૬, રમઝાન-૧૪૪૪ તા.૧૮/૦૪/૨૦૨૩ને મંગળવારના રોજ ૮૫ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.




કેસીમ્પાનિવાસી **મર્હૂમા મો.કલીબેન રહીમભાઈ શેરસીયા** મુ.તા. ૨૬, રમઝાન-૧૪૪૪



તા.૧૮/૦૪/૨૦૨૩ને મંગળવારના રોજ ૮૦ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.⟶

⟵ ઈલોલ (તળાવ)નિવાસી **મર્હૂમા મો.નૂરીબેન નશીરભાઈ કોવડીયા** મુ.તા. ૦૭, શવ્વાલ-૧૪૪૪ તા.૨૮/૦૪/૨૦૨૩ને શુક્રવારના રોજ ૧૦૨ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે.



જેઠીપુરાનિવાસી **મર્હૂમા મો.મરયમબેન ઈબ્રાહીમભાઈ રેવાસિયા** મુ.તા. ૨૫, માહે રમઝાન-૧૪૪૪ તા.૧૭/૪/૨૦૨૩ને સોમવારના રોજ ૭૮ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહેમતે પહોંચ્યાં છે.⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમીનને ગરીકે રહમત કરે, અને તેમનાં કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

*રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે પોતાની સમસ્યાઓને છોડીને અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત રહે, તો અલ્લાહ તેને એના કરતાં વધારે સારું આપશે કે જે તે માગવાવાળાઓને આપે છે."[1]*

*હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "અલ્લાહ તઆલાએ કોઈ પણ બંદા ઉપર આના કરતાં વધારે ગૌરવવંતી વસ્તુ નથી મોકલી, કે તેના દિલમાં અલ્લાહની સાથે બીજું કોઈ ન હોય."[2]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૨૬૮

2 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૧, બીજી આવૃત્તિ, સફહા–૨૬૮

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૨૧૦૦/- મર્હૂમ મો.સુલેમાનભાઈ અલજીભાઈ રેવાસિયા (મોલીપુર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૫૦૦/- મર્હૂમા મો.કલીબેન રહીમભાઈ શેરસીયા (કેસિમ્પા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૨૦૦/- મર્હૂમ મો.રહીમભાઈ નાથુંભાઈ મસીની (કેસિમ્પા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૧૦૦/- મર્હૂમા મો.નૂરીબેન નશીરભાઈ કોવડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે તેમના પરિવારજનો તરફથી.

રૂા.૫૦૦૦/- હાજી અબ્દુલભાઈ ગનીભાઈ ભટ્ટ (વીરપુર) તરફથી તેમના વાલિદ મર્હૂમ હાજી ગનીભાઈ ભટ્ટ અને વાલેદા મર્હૂમ હાજીયાણી જીવીબેન ભટ્ટની રૂહના સવાબ અર્થે તથા 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- મર્હૂમ અલીમોહંમદ અભરામ મોમિન (કઠોર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમા અમીનાબાનુ અહમદજી મોમિન (કઠોર)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૩૦/- મો.અમ્મારઅલી હાસમભાઈ ભગત (વસો-લેસ્ટર) તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૧૦૦૦/- હમીદાફાતેમા ફુરાતહુસૈન મોમિન (લંડન)એ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.બતૂલફાતેમા મયસમઅલી આગલોડીયા (પીંપોદર)એ માહે રમઝાનના ૨૪ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.ઝૈનબફાતેમા નજરઅલી વિજાપુરા (કાટવાડ)એ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યાં તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.રહમતફાતેમા મિક્દાદઅલી ચૌધરી (મેતા)એ માહે રમઝાનના ૨૫ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.આસિફઅલી સુલેમાનભાઈ મલપરા (વેળાવાપુરા) તરફથી તેમના દીકરા મોહંમદનઝીરે માહે રમઝાનના ૧૨ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૦૦/- મો.અહેસાનઅલી યૂસુફભાઈ મલપરા (વેળાવાપુરા) તરફથી તેમની દીકરી રુકૈયાફાતેમાએ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦/- મો.ગુલામઅબ્બાસ સુલેમાનભાઈ ડોડીયા (ઈલોલ પહાડીયા) તરફથી તેમની પૌત્રી તસ્નીમઝહરાએ માહે રમઝાનના ૨૫ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- મો.બાકરઅલી ઈસ્માઈલભાઈ બાદરપુરા (ઈલોલ તલાવ) તરફથી તેમના દીકરા મોહંમદશાહિદે માહે રમઝાનના ૨૮ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.એહસાનઅલી મોહંમદહુસૈન મોમિન (વસો) તરફથી તેમના દીકરા મોહંમદનાસિરે માહે રમઝાનનાં ૨૬ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૩૦૦/- મો.મોહંમદરઝા સાજિદઅલી

નૂરભાણેજ (ઈલોલ તલાવ)એ માહે રમઝાનના ૨૮ રોઝા રાખ્યા અને મોહંમદમન્સૂર એહસાનઅલી નૂરભાણેજ (ઈલોલ તલાવ)એ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે તેમના વાલિદ તરફથી.

રૂ.૨૦૦/- મો.ઔનઅલી હસનઅલી મોલપીયા (સેવાલણી)એ માહે રમઝાનના ૧૪ રોઝા રાખ્યા અને મો.કુબરાફાતેમા કરામતઅલી મોલપીયા (સેવાલણી)એ માહે રમઝાનના ૧૭ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૨૦૧/- મો.સાબેરાફાતેમા અખ્લાકઅહમદ મોમિન (કઠોર)એ માહે રમઝાનના ૨૬ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૩૦/- મો.જવાદઅલી શબ્બીરઅલી કડીવાલા (વાઘરોલ)એ માહે રમઝાનના ૧૫ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૫૦/- કનીઝઝહરા ઈસ્તિયાકઅલી મોમિન (વસો-અમદાવાદ) તરફથી તેમની દીકરી ઝૈનબફાતેમાએ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૦૦/- મોહંમદઝકી ઈસ્તિયાકઅલી મોમિન (વસો-અમદાવાદ) તરફથી તેમની બહેન ઝૈનબફાતેમાએ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૦૦/- મો.શીરીનફાતેમા આબિદઅલી મુસબજી (શેરપુરા)એ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૦૦/- મો.તન્ઝીલફાતેમા વારિસઅલી પલસાણીયા (કાકોશી-અમદાવાદ)એ માહે રમઝાનના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૨૦૦/- મો.તસ્નીમઝહરા મંઝૂરમોહંમદ દાવડા (કાટવાડ)એ માહે રમઝાનના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૧૦૦/- અબ્બાસઅલી ગુલામહુસૈન મોમિન (બેન્સાવાળા) (વસો) તરફથી તેમની દીકરી સકીનાફાતેમાએ માહે રમઝાનના પુરા રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૫૦૦/- મો.ફરીદાફાતેમા અબ્બાસઅલી સેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના ૨૪ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૫૦૦/- મો.હુસૈનઅબ્બાસ અબ્બાસઅલી સેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના પાંચ રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૫૦૦/- મો.સજ્જાદએહમદ ઈમ્દાદઅલી સેલીયા (વેળાવાપુરા)એ માહે રમઝાનના બે રોઝા રાખ્યા તેની ખુશાલી પ્રસંગે.

રૂ.૩૦૦/- બંદએ ખુદા

રૂ.૫૦૦/- મો.હૈદરઅલી યાકૂબભાઈ રાજપુરા (કનાઈ) તરફથી તેમના દીકરા ઝાકિરહુસૈન 12 Sci. માં 90.16 P.Rank મેળવી પાસ થયાં તેની ખુશાલી પ્રસંગે.

**મર્હૂમા મો.મસ્તુરાબેન યુસૂફભાઈ આગલોડીયા (ઈલોલ તલાવ)ની રૂહના સવાબ અર્થે ડોનેશન.**

રૂ.૧૦૦૦/- મો.હલીમાબેન વલીમોહંમદ હાજી તથા તેમના પરિવાર તરફથી.

રૂ.૧૦૦૦/- મો.ફિઝ્ઝાબેન ખાદિમહુસૈન મસી તથા તેમના પરિવાર તરફથી.

રૂ.૫૦૦/- મો.સકીનાફાતેમા કામયાબઅલી ડોડીયા

**મર્હૂમ મો.ઈસ્માઈલભાઈ અલીમોહંમદ શેલીયા (કાકોસીયા) (વેળાવાપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂ.૧૦૦૦/- બંદએ ખુદા

રૂ.૫૦૦/- મો.મોહંમદઅલી ઈસ્માઈલભાઈ શેલીયા

રૂ.૫૦૦/- મો.હુસૈનાબેન મોહંમદઅલી શેલીયા

રૂ.૫૦૦/- મો.હસનઅબ્બાસ હૈદરઅલી શેલીયા

રૂ.૫૦૦/- મો.મેજબીનબાનુ શુજાઅતઅલી શેલીયા

રૂા.૫૦૦/- મો.રઝીયાઝહરા કામયાબહુસૈન શેલીયા

રૂા.૫૦૦/- મો.જરીનાબેન શબ્બીરઅલી ચીડીયા (હૈદરપુરા)

રૂા.૫૦૦/- મો.કામયાબહુસૈન મોહંમદઅલી શેલીયા

રૂા.૫૦૦/- મો.ઝૈનબફાતેમા હુસૈનમોહંમદ શેલીયા

રૂા.૫૦૦/- મો.શુજાઅતઅલી મોહંમદઅલી શેલીયા

રૂા.૫૦૦/- મો.કમ્બરઅલી ગનીભાઈ વરાળીયાના પરિવારજનો તરફથી.

રૂા.૫૦૦/- બંદએ ખુદા

રૂા.૨૦૦/- મો.આબેદાબાનુ હૈદરઅલી શેલીયા

રૂા.૨૦૦/- મો.અમ્મારઅલી હૈદરઅલી શેલીયા

રૂા.૫૦૦/- મો.હૈદરઅલી ઈસ્માઈલભાઈ શેલીયા

રૂા.૫૦૦/- મો.ઝહીરાબેન હૈદરઅલી શેલીયા

રૂા.૫૦૦/- મો.નજમાબાનુ અબ્બાસઅલી ખોરજીયા (ભડા)

રૂા.૨૦૦/- મો.નજમાબાનુ અબ્બાસઅલી ખોરજીયા (ભડા) (વેળાવાપુરા) તરફથી મર્હૂમા મો.આબેદાબેન વલીભાઈ ચીડીયા (હૈદરપુરા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.નજમાબાનુ અબ્બાસઅલી ખોરજીયા (ભડા) (વેળાવાપુરા) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) તથા અલ્હાજ હઝરત પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.રઝીયાઝહરા કામયાબહુસૈન શેલીયા (વેળાવાપુરા) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) તથા અલ્હાજ હઝરત પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.કમ્બરઅલી ગનીભાઈ વરાળીયા (દાદાવાળા) (વેળાવાપુરા) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) તથા અલ્હાજ હઝરત પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મોહંમદમૂનિસ તાહેરઅલી વિજાપુરા (ઈલોલ તલાવ)ના પરિવાર તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦/- મો.મોહંમદમૂનિસ તાહેરઅલી વિજાપુરા (ઈલોલ તલાવ) તરફથી અલ્હાજ હઝરત પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.મરયમબેન ઈબ્રાહીમભાઈ રેવાસિયા (જેઠીપુરા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- મો.ગુલામહૈદર પીરમોહંમદ રેવાસિયા

રૂા.૨૦૦/- મો.ગુલામમોહંમદ પીરમોહંમદ રેવાસિયા

રૂા.૧૦૦/- મો.ઝૈનબફાતેમા ગુલામહુસૈન ડોડીયા

રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન અકબરઅલી વિજાપુરા

રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન અકબરઅલી સુરપુરા

રૂા.૧૦૦/- મો.સુગરાબેન શબ્બીરઅલી વિજાપુરા

રૂા.૧૦૦/- મો.સુગરાબેન ફઝલેમોહંમદ માણશીયા

રૂા.૧૦૦/- મો.આબેદાબેન વજીરઅલી પરબડીયા

રૂા.૧૦૦/- મો.સાકેરાબેન મીકદાદઅલી વિજાપુરા

રૂા.૧૦૦/- મો.રઝીયાફાતેમા આબિદહુસૈન રેવાસીયા

રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાફાતેમા ગુલામઅબ્બાસ રેવાસીયા

## ગડમથલ નં.૩૬૧નો ઉકેલ

<u>આડી ચાવીઓ:</u> (૧) કસરત (૪) બદતમીઝ (૮) સહારા (૧૦) નાકા (૧૧) હક (૧૩) રહીમ (૧૬) તબીઅત (૧૮) ગનીમત (૨૦) રઝા (૨૧) અનવર (૨૪) નશેબ (૨૬) દર (૨૭) યાર (૨૮) સરહદ (૨૯) નસનાસ (૩૧) ખુવાર (૩૨) વહી (૩૩) મદાર (૩૪) ખત (૩૫) સબ્ર

<u>ઊભી ચાવીઓ:</u> (૧) કરાહત (૨) રસ (૩) તહારત (૫) દવા (૬) મીના (૭) ઝકાત (૯) રાહી (૧૨) કબીર (૧૪) મગન (૧૫) અમર (૧૭) અઝાન (૧૯) નીવ (૨૧) અબદી (૨૨) પુરદર્દ (૨૩) ખયાનત (૨૫) શેહસવાર (૨૬) દહન (૨૮) સખાવત (૩૦) નાખુદા